dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ


SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 273 | AD - 2025, Ashadh Sud - 12 | Monday, Dt.07-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ભારતનો ગીની ઈન્ડેક્સ ૨૫.૫ થયો

## આવક સમાનતાના મોરચે ચીન અને અમેરિકાને પાછળ છોડી ભારત ચોથા નંબરે

નવીદિલ્હી,તા.૬

ભારતે વિશ્વના વિકસિત દેશોને પાછળ છોડી દીધા છે. ભારત આવકની સમાન વહેંચણીમાં વિશ્વમાં ચોથા ક્રમે આવી ગયું છે. ભારતે જી -૭, જી-૨૦ દેશો અને ચીનને પણ પછાડી દીધા છે. ભારતનો ગીની ઈન્ડેક્સ ૨૫.૫ થયો છે. ભારતે છેલ્લા ૧૦ વર્ષમાં આવકની અસામનતા ઘટાડવામાં સફળતા મેળવી છે. આ કારણે વર્લ્ડ બેંકે ભારતના વખાણ કર્યા છે. વર્લ્ડ બેંકે કહ્યું કે, ભારતે આર્થિક અને સામાજિક સમાનતાને સાથે રાખીને આગળ વધીને દુનિયાને નવું ઉદાહરણ પુરું પાડ્યું. વિકાસશીલ દેશ ભારતે આવકની સમાન વહેંચણીમાં વિશ્વમાં વિકસિત દેશોને પણ પાછળ પાડી દીધા છે. વિશ્વમાં આવકની દૃષ્ટિએ સૌથી સમાન સમાજ તરીકે ઊભરેલા સ્લોવાક રિપબ્લિક, સ્લોવેનિયા અને બેલારુસ પછી ભારત ૨૫.૫ સ્કોર સાથે ચોથા ક્રમે આવ્યું છે. ભારતે આવકની સમાન વહેંચણીમાં જી-૭ અને જી-૨૦ના વિકસિત દેશો તથા ચીનને પણ પાછળ પાડી દીધા છે. ભારત સરકારે સામાજિક કલ્યાણકારી યોજનાઓની મદદથી દેશમાંથી ગરીબી નાબૂદીમાં નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે. ભારતના કદ, વૈવિધ્યને ધ્યાનમાં લેતા તેની આ સિદ્ધિ અસાધારણ છે તેમ વર્લ્ડ બેંકના રિપોર્ટમાં જણાવાયું છે. વર્લ્ડ બેંકના રિપોર્ટ મુજબ આ ઈન્ડેક્સ દર્શાવે છે કે ભારતમાં આર્થિક વિકાસનો ફાયદો બધા જ લોકો સુધી



પહોંચી રહ્યો છે. દેશમાં ગરીબી ઘટાડવા અને તમામ લોકો સુધી નાણાકીય પહોંચ વધારવા પર કેન્દ્રીત સામાજિક નીતિઓ સાથે જોડાયેલી સતત આર્થિક વૃદ્ધિના પરિણામે ભારતને આવકની સમાન વહેંચણીનું સંતુલન સાધવામાં સફળતા મળી છે. ભારતે દર્શાવ્યું છે કે તેનો આર્થિક વિકાસ અને સામાજિક સમાનતા સાથે ચાલી રહ્યા છે, જે દુનિયા માટે એક ઉદાહરણ છે. હવે ફક્ત સ્લોવાક રિપબ્લિક, સ્લોવેનિયા અને બેલારુસ જ ભારતથી ઉપર છે. એટલે કે, મોટા દેશોમાં આવક સમાનતાના સંદર્ભમાં ભારત ટોચ પર છે. ૨૦૧૧ માં ભારતને ૨૮.૮ પોઈન્ટ મળ્યા હતા. એટલે કે, તે સમયે ભારતમાં આજ કરતાં વધુ આવક અસમાનતા હતી અને આ ૧૪ વર્ષોમાં, ભારત સામાજિક સ્તરે આવક અસમાનતા ઘટાડવામાં સફળ રહ્યું છે. એક પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, 'આ દર્શાવે છે કે ભારતની આર્થિક પ્રગતિ સમગ્ર વસ્તીમાં કેવી રીતે સમાન રીતે વહેંચાઈ રહી છે. આ સફળતા પાછળ ગરીબી ઘટાડવા, નાણાકીય પહોંચ વધારવા અને જરૂરિયાતમંદોને સીધી કલ્યાણ સહાય પૂરી પાડવાની મજબૂત અને કાયમી નીતિ છે. ગીની ઈન્ડેક્સ એ સમાજમાં આવક વિભાજનને માપવા માટેનો એક મુખ્ય સ્કેલ છે. જો કોઈને આ સ્કેલ પર શૂન્ય ગુણ મળે છે, તો તેનો અર્થ એ છે કે આવકના મોરચે બિલકુલ અસમાનતા નથી. બીજી બાજુ, જો કોઈ ૧૦૦ પોઈન્ટ મેળવે છે, તો તેનો અર્થ એ છે કે ત્યાં આવક અસમાનતા તેની ટોચ પર છે. ભારતે ૨૫.૫ પોઈન્ટ સાથે ઘણી વિકસિત અર્થવ્યવસ્થાઓને પાછળ છોડી દીધી છે. પડોશી દેશો ૩૫.૭ પોઈન્ટ સાથે આવક સમાનતામાં ભારતથી પાછળ રહી ગયા છે. તે જ સમયે, અમેરિકા ૪૧.૮ પોઈન્ટ સાથે ભારત અને ચીનથી પાછળ છે. ભારતે આવક સમાનતામાં જી૭ અને જી ૨૦ ના સભ્ય દેશોને પણ પાછળ છોડી દીધા છે. આ બંને વૈશ્વિક જૂથો વિશ્વના શક્તિશાળી દેશોથી બનેલા છે. પ્રકાશનમાં કહેવામાં આવ્યું છે કે ગરીબી ઘટાડવાના મોરચે દેશના ઉત્તમ પ્રદર્શનથી આવક સમાનતા વધારવાનો માર્ગ મોકળો થયો છે. વિશ્વ બેંકના ૨૦૨૫ ગરીબી અને સમાનતા સંક્ષિપ્ત અહેવાલ મુજબ, ૨૦૧૧ અને ૨૦૨૩ વચ્ચે, ૧૭ કરોડ, ૧૦ લાખ ભારતીયોને ભારે ગરીબીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

## ઉત્તર-મધ્ય ભારતમાં બારે મેઘ ખાંગા, અનેક લોકોના મોત

ન્યુ દિલ્હી, તા.૦૬

હિમાચલ પ્રદેશના ચંબા અને મંડી જિલ્લામાં વાદળ ફાટવાની ઘટના બની છે. આના કારણે રાજ્યમાં પાંચ પુલ ધોવાઈ ગયા છે. ચંબામાં કાંગેલા નાલા પર બનેલો પુલ ધોવાઈ ગયો હતો. તે જ સમયે, મંડી જિલ્લાના ચૌહર ખીણમાં એક વાહનવ્યવહાર અને ત્રણ રાહદારી પુલ ધોવાઈ ગયા હતા. હિમાચલ પ્રદેશમાં ૨૦ જૂને ચોમાસાએ પ્રવેશ કર્યો હતો. ત્યારથી ૪ જુલાઈ સુધીમાં પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓમાં ૭૫ લોકોનાં મોત થયા છે. ૨૮૮ લોકો ઘાયલ થયા છે. વાદળ ફાટવાની ઘટનાઓમાં સૌથી વધુ ૧૪ લોકોના મોત મંડી જિલ્લામાં થયા છે. અહીં હજુ પણ ૩૧ લોકો ગુમ છે. રાજ્યમાં આજે પણ ભારે વરસાદ માટે રેડ એલર્ટ છે. ઉત્તર પ્રદેશના વારાણસીમાં ગંગામાં પૂર આવ્યું છે. મહાશ્મશાન મણિકર્ણિકા ઘાટ પાણીમાં ડૂબી ગયો છે, જેના કારણે છત પર અંતિમ સંસ્કાર કરવામાં આવી રહ્યા છે. રાજસ્થાનના શ્રી ગંગાનગરમાં બે મકાનોની છત તૂટી પડી છે. આ અકસ્માતમાં ૫ વર્ષના બાળકીનું મોત થયું છે. ઝારખંડમાં શનિવારે ભારે વરસાદ પડ્યો હતો. રામગઢ જિલ્લાના મહુઆ ટંગરીમાં સવારે એક ગેરકાયદેસર કોલસાની ખાણ ધરાશાયી થઈ હતી. આમાં ચાર લોકોના મોત થયા હતા અને ચાર ઘાયલ થયા હતા. રાજ્યમાં સોમવાર સવાર સુધી ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ છે. બિહારના ૧૮ જિલ્લાઓમાં આજે વરસાદ માટે યલો એલર્ટ છે. આ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જોરદાર પવન પણ ફૂંકાઈ શકે છે. શનિવારે મુંગેરના અરરિયામાં વરસાદ પડ્યો હતો. સાસારામમાં વીજળી પડવાથી બે મહિલાઓના મોત થયા હતા. જ્યારે એક મહિલા દાઝી ગઈ હતી.











**કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે**

સંજોગ ન્યુઝમાં ઈન ડીઝાઈન, ફોટોશોપ, કોરલ-ડ્રોમાં કામ કરી શકે તેવા કોમ્પ્યુટર ઓપરેટર મેલ / ફીમેલ ઓપરેટર જોઈએ છે.

**સંપર્ક : મો. ૯૮૭૯૩ ૭૪૬૦૧**

ખુશ ખબર સારા સમાચાર — TATA AIA LIFE INSURANCE — ખુશ ખબર સારા સમાચાર

VACANCY Life Insurance Advisors

વધારાની આવક મેળવો અને આર્થિક રીતે સ્વતંત્ર બનો

તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત

તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.

જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો Commission + Fixed Income

Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
સોમવાર, તા. ૦૭-૦૭-૨૦૨૫

# અમરેલીના માર્ગો પર ઢોરનો અડીંગો, તંત્ર મોતનો તમાશો જુએ છે

અમરેલી, તા.૦૬

અમરેલીમાં ફરી મુખ્ય માર્ગો ઉપર ઠેર ઠેર રેઢીયાળ ગાયોનો અડીંગો જોવા મળી રહ્યો છે. રસ્તાની વચ્ચે બેઠેલા આ ગાયોના ટોળાને કારણે રાહદારીઓને ચાલવું પણ મુશ્કેલ બન્યું છે. અગાઉ ઢોર પકડવા માટે એજન્સી રાખવા છતાં ફરી પરિસ્થિતિ બેકાબૂ બની છે. અમરેલીમાં રોડ પર સામૂહિક રીતે મોટા પ્રમાણમાં છોડી દેવાતી ગાયો લગભગ દરેક



માર્ગો પર રસ્તા રોકીને બેસે છે. આ સમસ્યાના નિરાકરણ માટે પાલિકા દ્વારા એજન્સી રાખીને તિજોરી ખાલી કરવા છતાં પણ શહેરમાં ફરીથી સમસ્યાએ માજા મૂકી છે. રાજકમલ ચોક, મેઈન રોડ, જિલ્લા પંચાયત રોડ, ચક્કરગઢ રોડ, ચિતલ રોડ, લાઠી રોડ, સાવરકુંડલા રોડ, જેસિંગપરા, માણેકપરા સહિત શહેરની તમામ સોસાયટીના માર્ગો પર પણ જ્યાં જુઓ ત્યાં ગાયો રોડની વચ્ચે જ ટોળામાં અડીંગો જમાવીને બેસે છે. અમરેલી શહેરમાં લોકો ગાયો પાળતા નથી, પરંતુ બહારથી બેફામ રીતે ગાયો અમરેલીના માર્ગો પર છોડી જવામાં આવતી હોવા છતાં પાલિકા કે પોલીસ વિભાગ દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. આ સમસ્યાને કારણે શહેર જાણે ઢોરવાડો બની ગયું છે. સીસીટીવી કેમેરા હોવા છતાં પણ ગાયો છોડી જનારાઓને પકડીને કોઈ કાર્યવાહી કરાતી નથી, જ્યાં સુધી આ પ્રવૃત્તિ બંધ ન થાય ત્યાં સુધી સમસ્યાનું નિરાકરણ શક્ય નથી.

### વાહનચાલકોને અકસ્માતનો ભય

**અમરેલી શહેરમાં રખડતી(માલિકી)ની ગાયો ગમે ત્યાં અડીંગો જમાવીને બેસી જાય છે. જેમાં ખાસ કરીને રાત્રીના સમયે ગાય, આખલાઓ રસ્તાની વચ્ચે જ બેસતા હોવાથી સામેથી આવતા વાહનની હેડલાઈટમાં ઢોર દેખાતા નથી જેથી વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.**

### ઢોર માલિકો સામેની કાર્યવાહીનું સુરસુરીયું

**રખડતા ઢોર મામલે નગરપાલિકા દ્વારા ઢોરમાલિકો સામે કડક કાર્યવાહી કરવાના આદેશો આપ્યા હતા જો કે આ બાબતે થોડા સમયમાં જ આદેશનું સુરસુરીયું થઈ ગયુ હતું. પોલીસ અને પાલિકાની બેદરકારીને કારણે કોઈ અકસ્માતમાં માનવજિંદગી મોતને ભેટશે તો જવાબદાર કોણ? તેવો સવાલ શહેરીજનો ઉઠાવી રહ્યાં છે.**

### વરસાદની સિઝનમાં રસ્તા વચ્ચે ગાયોનો અડીંગો

**હાલ ચોમાસાની સિઝન હોવાથી સતત વરસી રહેલા વરસાદને કારણે ગાયો, આખલા રસ્તાની વચ્ચોવચ્ચ આવીને બેસી જતા હોય છે. રસ્તા વચ્ચે ગાયો બેસતી હોવાથી વાહનચાલકો પણ અકસ્માતના ભયથી ધીમે વાહન ચલાવે છે. જ્યારે વાહનચાલકનો કોઈ ગાય સાથે અકસ્માત થાય ત્યારે ગાયના માલિક ગમે ત્યાંથી ફૂટી નીકળે છે અને વાહનચાલક પાસેથી પૈસા પણ પડાવતા હોવાના કિસ્સાઓ ભુતકાળમાં બનવા પામ્યા છે.**

# ધારીના નાગધ્રા ગામે વય વંદના આયુષ્માન કાર્ડ કેમ્પ યોજાયો

ધારી, તા.૦૬

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારી તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયાના માર્ગદર્શન હેઠળ રવિવારે ધારી તાલુકાના નાગધ્રા ગામે વય વંદના આયુષ્માન કાર્ડ કાઢવા માટેનો સફળ કેમ્પ યોજવામાં આવ્યો



હતો. આ કેમ્પમાં ધારી બક્ષીપંચ મોરચાના મંત્રી પ્રતાપભાઈ ભીચરીયા, ઉપસરપંચ રાજુભાઈ અગ્રાવત, ધારી તાલુકા યુવા મોરચા પ્રમુખ ચિંતનભાઈ રંગપરિયા, જે.ડી. રંગપરિયા, મનસુખભાઈ રંગપરિયા, રાણીગભાઈ વાળા સહિતના અગ્રણીઓ અને ગ્રામ પંચાયત VCE ઉદયભાઈ રૂપારેલિયા ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પથી ગ્રામજનોને આયુષ્માન કાર્ડ મેળવવામાં ઘણી મદદ મળી હતી.

# એસ.એચ. ગજેરા કેમ્પસમાં "બેગલેસ-ડે"ની ઉત્સાહભેર ઉજવણી

અમરેલી, તા.૦૬

એસ.એચ. ગજેરા કેમ્પસમાં શનિવારના રોજ, ધોરણ ૧ થી ૮ ગુજરાતી, અંગ્રેજી અને મિશ્ર માધ્યમ પ્રાથમિક શાળા તેમજ એસ. એચ. ગજેરા સંચાલિત વિદ્યાસભા જ્ઞાનશક્તિ શાળામાં "બેગલેસ-ડે" ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. "બેગલેસ-ડે"નો પ્રારંભ એક વિશેષ પ્રાર્થનાસભા કાર્યક્રમથી થયો હતો, જેમાં ૐકાર નાદ, સમૂહ પ્રાર્થના અને વિદ્યાર્થીઓ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.



પંચાંગ, જાણવા જેવું, સમાચાર પત્ર, ધૂન, ભજન, બાલગીત, લોકગીત, લગ્નગીત, દેશભક્તિગીત, સમૂહગીત, ભગવદ ગીતા શ્લોક અને રાષ્ટ્રગાન જેવા વિવિધ ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્ઞાનશક્તિ શાળાના ધોરણ ૬, ૭ અને ૮ના વિદ્યાર્થી બહેનો અને ભાઈઓએ પણ અવનવી સાંસ્કૃતિક-સાહિત્યિક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યારબાદ, બધા જ વિદ્યાર્થીઓને યોગ, પ્રાણાયામ અને આસન જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત, વક્તૃત્વ સ્પર્ધા, લોકવાર્તા, નિબંધ સ્પર્ધા, માટીકામ, સર્જનાત્મક પ્રવૃત્તિઓ, ચિત્રકળા, એકપાત્ર અભિનય, નાટક, શાયરી-ગઝલ-કાવ્ય લેખન, દુહા-છંદ-ચોપાઈ વગેરેનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ રસપૂર્વક ભાગ લઈને આનંદદાયી શનિવારની ખૂબ જ મજા માણી હતી.

# સા.કુંડલામાં ભાજપ દ્વારા PM મોદીના 'સંકલ્પથી સિદ્ધિના ૧૧ વર્ષ'ની ઉજવણી કરાઈ

સાવરકુંડલા,તા.૦૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "સંકલ્પથી સિદ્ધિના ૧૧ વર્ષ"ની ઉજવણીના ભાગરૂપે, સાવરકુંડલા શહેરમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક શહેરના વોર્ડ નંબર ૨ ખાતે બુથ પ્રમુખ અશોકભાઈ જેસરવાળાના નિવાસસ્થાને યોજાઈ હતી. આ બેઠક જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના માર્ગદર્શન અને સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના નેતૃત્વ હેઠળ સંપન્ન થઈ હતી. શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડની વિશેષ ઉપસ્થિતિમાં, શક્તિ કેન્દ્રના ઈન્ચાર્જ કેતન કેસુરની આગેવાની હેઠળ આ બેઠકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં શહેર ભાજપ ઉપપ્રમુખ અમિતભાઈ પંડ્યા, નગરપાલિકા ઉપપ્રમુખ



પ્રતિકભાઈ નાકરાણી, નગરપાલિકા દંડક અજયભાઈ ખુમાણ, નગરપાલિકા સદસ્ય મંજુલાબેન ચિત્રોડા, નગરપાલિકા સદસ્ય જયાબેન કારેણા સહિત વોર્ડના બુથ પ્રમુખો અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારની ૧૧ વર્ષની સિદ્ધિઓ, રાષ્ટ્રના વિકાસ માટેના સંકલ્પો, લોકકલ્યાણકારી યોજનાઓ અને સાવરકુંડલા વિસ્તારના વિકાસની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનોએ કાર્યકરોને સંગઠનને વધુ મજબૂત કરવા અને સરકારની યોજનાઓને જન-જન સુધી પહોંચાડવા માટે પ્રેરણા આપી હતી.

# કલેક્ટરના કમાન્ડો કિરીટભાઈ દેવમુરારી નિવૃત્ત થતાં અખાડામાં સન્માન

અમરેલી, તા.૦૬

અમરેલી સમર્થ વ્યાયામ મંદિર અખાડામાં કલેક્ટરના કમાન્ડો અને ઉમદા વ્યક્તિત્વ ધરાવતા કિરીટભાઈ દેવમુરારીને પોલીસ દળમાં ૩૪ વર્ષની નિષ્ઠાપૂર્વકની સેવા બાદ સેવા નિવૃત્તિ નિમિત્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. અખાડામાં યોજાયેલા કાર્યક્રમમાં SP સંજય ખરાતની ઉપસ્થિતિમાં, પી.પી. સોજીત્રાના



હસ્તે તેમનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે ધર્મેન્દ્રગીરી ગૌસ્વામી, ભાસ્કરભાઈ જોબનપુત્રા, કીલાભાઈ ભાડ, નિતિનભાઈ બોરાણીયા, હિંમતલાલ સરખેદી, કાનાભાઈ જાની અને દિલાભાઈ વાળા સહિતના મિત્રોએ ઉપસ્થિત રહી કિરીટભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલીમાં મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ યુવાનો માટે સહકારી સેમિનાર યોજાયો

અમરેલી,તા.૦

અમરેલી ખાતે આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ અને ૧લી જુલાઈ, ૨૦૨૫ થી ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૨૫ દરમિયાન ઉજવાઈ રહેલા આંતરરાષ્ટ્રીય સહકાર સપ્તાહ અંતર્ગત, તેમજ આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ ૨૦૨૫ના સંદર્ભે એક મહત્વપૂર્ણ સહકારી સેમિનારનું




આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના સહકાર મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિત્તે, યુવા નેતા અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ આ સેમિનાર કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે યોજાયો હતો. અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલિયાની અધ્યક્ષતામાં યોજાયેલા આ સેમિનારનો મુખ્ય હેતુ યુવાનોમાં સહકાર પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

# અમરેલી શહેરમાં કેનરા બેંક દ્વારા ૭૦૦થી વધુ વૃક્ષોનું રોપણ કરાયું

અમરેલી, તા.૦૬

પર્યાવરણ સંરક્ષણ માટેની અડગ પ્રતિબદ્ધતાના ભાગરૂપે, કેનરા બેંકે એક મેગા વૃક્ષારોપણ અભિયાન શરૂ કર્યું છે, જેમાં ૭૦૦થી વધુ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું છે. બેંકના એજીએમ સપન ચેટર્જીના માર્ગદર્શન હેઠળ આ



પહેલ માત્ર વૃક્ષારોપણ પૂરતી નથી, પરંતુ તે છે આપણા હરીયાળા વારસાને જાળવવાની અને સંવર્ધન કરવાનો સંકલ્પ છે. આ અભિયાન અંતર્ગત બેંકની અમરેલી શાખાના અધિકારી હરિશ મીણાએ ડૉ. કલામ ઈનોવેટિવ સ્કૂલના પરિસરમાં ૧૧ વૃક્ષોનું વાવેતર કરી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું, જેમાં સંસ્થાના ડાયરેક્ટર જય કાથરોટીયાનો સંપૂર્ણ સહયોગ મળ્યો હતો.









# બાબરામાં આમ આદમી પાર્ટીના આગેવાનોની હાજરીમાં મહિલાઓએ નગરપાલિકા કચેરીનો ઘેરાવ કર્યો

**રહેવાસીઓએ અનેક વખત રજૂઆત કરી હોવા છતાં પરિણામ શૂન્ય**

બાબરા, તા.૦૬



બાબરા નગરપાલિકાના સત્તાધિશો કોઈ કામગીરી કરતા ન હોવાથી આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખની આગેવાનીમાં મહિલાઓએ નગરપાલિકા કચેરીનો ઘેરાવ કર્યો હતો. બાબરાના વોર્ડ નંબર ૨ માં છેલ્લા ઘણા સમયથી યોગ્ય સાફ-સફાઈ થતી ન હોય તેમજ ગટરના ગંધાતા પાણી રસ્તા ઉપર ફરી વળતા હોવાથી આ બાબતે રહેવાસીઓએ અનેકવાર પાલિકા કચેરીમાં રજૂઆત કરી હતી પરંતુ આ રજૂઆત જાણે બહેરા કાને અથડાઈને પાછી ફરી હોય તેમ કોઈ કામગીરી કરવામાં આવતી નહોતી જેથી વોર્ડ નંબર ૨ ની મહિલાઓએ શહેર આમ આદમી પાર્ટીના પ્રમુખ કૌશિક ભરાડની આગેવાનીમાં નગરપાલિકા કચેરીએ જઈ ઉગ્ર રજૂઆત કરતા નગરપાલિકામાં હડકંપ મચી જવા પામ્યો હતો.

# રાજુલાના ઉચૈયા ગામેથી દેશી દારૂ બનાવવાની ફેકટરી ઝડપાઈ

અમરેલી, તા.૦૬



અમરેલી જિલ્લામાં બેફામ વેચાઈ રહેલા દેશી દારૂના હાટડા સામે કડક કાર્યવાહી કરવા માટે જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા સૂચના આપવામાં આવી હતી જે સૂચના મુજબ રાજુલા તાલુકાના ઉચૈયા ગામના ધોધમ વાડી વિસ્તારમાંથી દેશી દારૂ બનાવવાની ફેક્ટરી ઝડપી પાડી છે. પોલીસે આ કાર્યવાહીમાં ૨૫૫ લીટર દેશી દારૂ, ૨૦૦૦ લીટર આથો, ૬ પ્લાસ્ટિકના ટાંકા, બેરલ, ગેસના ચૂલા, બાટલા અને લાઈટર સહિત કુલ રૂ. ૧,૦૧,૯૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં યુવરાજભાઈ જોરૂભાઈ ધાખડા અને ભોળાભાઈ બચુભાઈ ધાખડા નામના બે આરોપીઓ ફરાર થઈ ગયા છે. પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચના PI વિજય કોલાદ્રા અને તેમની ટીમે આ કાર્યવાહી કરી છે. ટીમમાં ભીખુભાઈ ચોવટીયા, ગોકુલભાઈ કળોતરા, જયેન્દ્રભાઈ બસિયા, મહેશભાઈ રાઠોડ, અજયભાઈ વાઘેલા અને પરેશભાઈ દાફડા સહિતના પોલીસ કર્મચારીઓ જોડાયા હતા.

# બાબરાના ધરાઈ ગામમાં બાલમુકુન્દ પ્રભુના હિંડોળા અને મનોરથ યોજાશે

અમરેલી, તા.૦૬



અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામમાં આશરે ૩૫૦ વર્ષથી બિરાજમાન પુષ્ટિયાત્રા ધામ તરીકે ઓળખાતા શ્રી બાલમુકુન્દ પ્રભુને આંગણે ૧૨/૦૭/૨૦૨૫થી એક મહિનો ચાલનાર હિંડોળા ઉત્સવનો પ્રારંભ થશે. ૧૩/૦૭ના રોજ વ્રજકમલ મનોરથ, ૧૪/૦૭ના રોજ છાક મનોરથ તથા ૧૫/૦૭ સુધી અલૌકિક મનોરથ યોજાશે. આ મનોરથમાં શ્રી બાલમુકુન્દ હવેલી ટ્રસ્ટ વતી વૈષ્ણવોને મનોરથના દર્શન તથા ઠાકોરજીનો મહાપ્રસાદ લેવા હાર્દિક નિમંત્રણ છે.

# બાબરામાં એક કલાકમાં ત્રણ, કોટડાપીઠામાં બે ઈંચ વરસાદથી માર્ગો પર પાણી વહ્યા

અમરેલી, તા.૦૬



તસવીર : વિજય માળી

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી માત્ર વાદળછાયુ વાતાવરણ રહેતું હોવાથી ધરતીપુત્રો સારા વરસાદની રાહ જોઈ રહ્યા હતા પરંતુ રવિવારે અમરેલી જિલ્લામાં મેઘરાજાએ પોતાનું હેત વરસાવ્યું હોય તેમ બાબરામાં માત્ર સવા કલાકમાં જ ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબકતા શહેરના નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. હવામાન ખાતા દ્વારા પાંચ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે પરંતુ અમરેલી જિલ્લામાં માત્ર વરસાદી જ ઝાપટા પડતા હોવાથી જળાશયો હજુ પણ ખાલીખમ્મ જોવા મળી રહ્યા છે જોકે રવિવારે બપોરે બાબરા શહેરમાં માત્ર સવા કલાકમાં જોરદાર ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબકતા શહેરના નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા જ્યારે જિલ્લાના અન્ય તાલુકાઓમાં માત્ર વરસાદી ઝાપટા જ પડતા આ તાલુકાઓમાં પણ મેઘરાજા મહેર કરે તેવી ધરતીપુત્રો આશા સેવી રહ્યા છે. કોટડાપીઠા ગામે બે ઈંચ વરસાદ વરસતા ગામમાં પાણી વહ્યા હતા.

# અમરેલીમાં પરિણીતાને ન્યૂડ ફોટા મોકલી વાયરલ કરવાની ધમકી આપી

**સાયબર ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી**

અમરેલી, તા.૦૬

અમરેલીમાં રહેતી એક પરિણીતાને અજાણ્યા નંબર પરથી ન્યૂડ ફોટા માકલવામાં આવ્યા હતા. જે બાદ તેને ધમકી આપવામાં આવી હતી કે અમારી પાસે આવા ૩૦ જેટલા ફોટા છે.

જો અમે કહીએ તેમ નહીં કરે તો બધાને તારા ન્યૂડ ફોટા મોકલી વાયરલ કરીશું તેવી ધમકી આપી હતી.

અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પજઆઈ કરણસિંહ વાલજીભાઈ ચુડાસમા વધુ તપાસ કરી રહ્યા છે.

# નવા સભાસદને સહકારી ક્ષેત્રમાં જોડવા માટે સભાસદ ડ્રાઈવનું આયોજન

**જિલ્લાની ૦૮ સહકારી સંસ્થાઓ દ્વારા જિલ્લામાં નવા ૨૪૯ સભાસદોની નોંધણી કરાઈ**

અમરેલી,તા.૦૬

સહકારી સંગઠન (આઈ. સી.એ.) દ્વારા સમગ્ર વિશ્વમાં વર્ષ-૨૦૨૫ને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ જાહેર કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ અને સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે જુલાઈના પ્રથમ સપ્તાહને સહકાર સપ્તાહ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. અમરેલી ખાતે આ ઉજવણી અંતર્ગત નવા સભાસદને સહકારી ક્ષેત્રમાં જોડવા માટે સભાસદ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાની ૦૮ સહકારી સંસ્થાઓ દ્વારા જિલ્લામાં નવા ૨૪૯ સભાસદોની નોંધણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સભાસદોને રુ.૨૨૩ લાખની લોનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે અમરેલી જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ સાથે સંકળાયેલી દૂધ મંડળીઓમાં અને અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. સાથે સંલગ્ન સેવા સહકારી મંડળીઓમાં સભ્યપદ ડ્રાઈવ યોજાઈ હતી. આ ડ્રાઈવમાં ૧,૦૦૦ થી વધુ નવા ખેડૂતો તેમજ પશુપાલકોને સભાસદ તરીકે દાખલ કરવામાં આવ્યા હતા તેમ અમરેલી જિલ્લા સહકારી મંડળી જિલ્લા રજિસ્ટ્રારની યાદીમાં જણાવાયુ છે.

**ધારાસભ્ય કૌશિક વેકરીયાએ સરપંચોને સરકારી યોજનાઓના અમલીકરણમાં મુખ્ય ભૂમિકા ભજવવા જણાવ્યું**

# અમરેલીમાં ભાજપ દ્વારા નવનિયુક્ત સરપંચોનો સન્માન સમારોહ યોજાયો

અમરેલી,તા.૦૬





અમરેલી શહેરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા નવનિયુકત સરપંચોનો સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, તેમજ અનેક ધારાસભ્યો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓમાંથી નવનિયુક્ત સરપંચોનું શોલ ઓઢાડી અને સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. હાજર રહેલા અગ્રણીઓએ ગ્રામ પંચાયતને લોકશાહીની પ્રથમ કડી ગણાવી, જ્યાંથી વિકાસની યાત્રા શરૂ થાય છે. નવા સરપંચો ગામના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહે અને સરકારી યોજનાઓનો લાભ ગ્રામજનો સુધી પહોંચાડે તેવી આશા વ્યક્ત કરાઈ હતી. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ સરપંચોને સરકારી યોજનાઓના અમલીકરણમાં મુખ્ય ભૂમિકા ભજવવા જણાવ્યું હતુ. જ્યારે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ ગામોને સ્વાવલંબી બનાવવા સહકારથી કાર્ય કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

# ખડખડ ગામમાં મોહરમ નિમિત્તે હિંદુ-મુસ્લિમ એકતાનું અનોખું ઉદાહરણ

અમરેલી, તા.૦૬



અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકામાં આવેલું ખડખડ ગામ સાચા અર્થમાં કોમી એકતાનું પ્રતિક બન્યું છે. હાલમાં મોહરમ પર્વ નિમિત્તે, આખા ગામના હિંદુ અને મુસલમાન સમુદાયના લોકોએ છેલ્લા દસ દિવસથી સાથે મળીને મોહરમની ઉજવણી કરી હતી. આ ઉપરાંત, તેઓએ સાથે બેસીને ભોજન પણ લીધું હતું, જે સમાજમાં સદ્ભાવના અને ભાઈચારાનો અનોખો સંદેશો પૂરો પાડે છે. આ નાના એવા ગામનો સંદેશો સ્પષ્ટ છે કે, પ્રેમ, લાગણી અને આત્મીયતાથી ઉપર કોઈ ધર્મ નથી. આ ગામમાં દરેક જ્ઞાતિના લોકો પોતપોતાના તહેવારો ઉજવે ત્યારે સમગ્ર ગ્રામજનો સાથે મળીને ઉજવણી કરે છે. આ ગામની એક વિશેષતા એ પણ છે કે અહીં સંત વેલનાથ બાપુની પહેલી અને છેલ્લી સમાધિ આવેલી છે. સાથે જ, કુકાશા પીરની દરગાહ પણ આવેલી છે. આ ગામના મંદિરમાં કાચની પ્રસાદી ચડાવવામાં આવે છે અને કાચનો પ્રસાદ આપનાર કુકાશા પીર છે. અહીં "જય વેલનાથ બાપુ"ના જયઘોષ સાથે વાતાવરણ ગુંજી ઉઠે છે.

# ધારીના કુબડા ગામે ભાગીદારીમાં ધંધાના મનદુ:ખમાં જાનથી મારવાની ધમકી આપી

**ગાળો બોલી ટાંટીયા ભાંગી નાખીશ તેમ પણ કહ્યું**

ધારી, તા.૦૬

ધારીના કુબડા ગામે એક યુવકને ભાગીદારીના ધંધાના મનદુ:ખમાં જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ગાળો બોલી ટાંટીયા ભાંગી નાખીશ તેમ પણ કહ્યું હતું. બનાવ અંગે વિક્રમભાઈ ઉર્ફે સેફો ભુપતભાઈ વાઘેલા (ઉ.વ.૨૫)એ નરેશભાઈ બટુકભાઈ વાઘેલા તથા નયનાબેન નરેશભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી તથા ફરિયાદીએ અગાઉ ભાગીદારીનો ધંધો કર્યો હતો. જેનું મનદુ:ખ થતા આરોપીઓએ તેમને તથા સાહેદને ઉભા રાખીને ગામમાં નહીં આવવાની વાત કરી જેમફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત ટાંટીયા ભાંગી નાખવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. માઢક વધુ તપાસ કરી રહ્યા છે.

# રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ બગસરાના બાળકના હૃદયની વિનામૂલ્યે સફળ સારવાર

બગસરા,તા.૦૬



બગસરાના સાડા ચાર વર્ષના નિવાન બોરડને હૃદયમાં તકલીફ જણાતા સૌપ્રથમ જિલ્લા શાળા આરોગ્ય વિભાગ અને ત્યારબાદ અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે મોકલવામાં આવેલ. ત્યાં નિવાનના હૃદયનું ૧૯/૫/૨૦૨૫ના રોજ ઓપરેશન કરવામાં આવેલ. નિવાનને ત્યાં ૧૭/૫/૨૦૨૫ થી ૨૩/૫/૨૦૨૫ સુધી દાખલ રાખી સારવાર કરવામાં આવેલ. આ ઓપરેશનનો અંદાજિત તમામ ખર્ચ રૂ. ૨થી ૩ લાખ જેવો થતો હોય છે, પરંતુ સરકારી યોજનાના રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત તેની સમગ્ર સારવાર વિનામૂલ્યે થઈ હતી. ૨૪-૫-૨૦૨૫ના રોજ આ બાળક સારવાર પૂર્ણ કરી ઘરે આવતા આરબીએસકે ટીમે તેની મુલાકાત લીધી હતી.

# અવસાન નોંધ

**દામનગર**

નાનાભાઈ ભરવાડ (ભાલવાવ) મોતીબેન જોધાભાઈ સાસલા (ઉ.વ. - ૯૨) તે સ્વ. દેવાભાઈ, ગોકુળભાઈ અને વરજાંગભાઈના માતુશ્રી, ભુરાભાઈ હાજાભાઈ સાસલા (દામનગર ) અને રામભાઈ હાજાભાઈ સાસલાના કાકી, રઘુભાઈ અને લાલાભાઈના મોટાબાનું ભાલવાવ મુકામે અવસાન થયેલ છે. સ્વ. ની ઉત્તરક્રિયા - પાણીઢોળ તા.૧૦-૦૭-૨૫ ને ગુરુવારના ભાલવાવ મુકામે રાખેલ છે.

**સાવરકુંડલા**

મુક્તાબેન વલ્લભભાઈ ચોટલીયા (ઉ.વ.૭૫)તે વલ્લભભાઈ વિરજીભાઈ ચોટલીયા (પતિ), વિપુલભાઈ વલ્લભભાઈ ચોટલીયા, ગુણવંતભાઈ વલ્લભભાઈ ચોટલીયા, જતીનભાઈ વલ્લભભાઈ ચોટલીયાના માતાનું તા.૪/૭/૨૫ ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૭/૭/૨૫ ને સોમવારના રોજ ૪ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાન શ્રીજી નગર હાથસણી રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

બારોટ સોહિલભાઈ ભુપતભાઈ ઘેલાણી(ઉ.વ.૩૨) તે બારોટ શાંતિભાઈ નાનજીભાઈ ઘેલાણી (કાકા), બારોટ વિરલભાઈ ભુપતભાઈ ઘેલાણી(ભાઈ), બારોટ નિખિલભાઇ ભુપતભાઈ ઘેલાણી(ભાઈ), બારોટ પ્રકાશભાઈ શાંતિભાઈ ઘેલાણી (ભાઈ), બારોટ આદિત્યભાઈ શાંતિભાઈ ઘેલાણી (ભાઈ), બારોટ કર્તવ્ય પ્રકાશભાઈ ઘેલાણી (ભત્રીજા), બારોટ ભુપતભાઈ નાનજીભાઈ ઘેલાણીના દીકરાનું તા.૫/૭/૨૫ ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૭/૭/૨૫ ને સોમવારના રોજ ૪ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાન શ્રીજી નગર સ્વામિનારાયણ ગુરુકુળ બાજુમાં શેરી નંબર ૩ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**વડિયા**

સ્વ.વિનોદરાય કરશનદાસ રાજાણીનું તા.૦૪/૦૭ના રોજ અવસાન થયેલ છે. તેમની પિયર પક્ષની સાદડી તા.૦૭/૦૭ના રોજ સાંજે ૦૩:૩૦થી ૦૫:૩૦ કલાકે લોહાણા મહાજન વાડી વડિયા ખાતે રાખેલ છે.



## ઠેર-ઠેર તાજીયાના જુલૂસ નીકળ્યા, રાત્રીના તાજીયા ઠંડા કરાયા

# અમરેલી સહિત જિલ્લામાં મોહરમ પર્વની ઉજવણી

અમરેલી તા.૦૬

અમરેલીમાં મોહરમ પર્વ નિમિત્તે શહેરમાં તાજીયા કાઢવામાં આવેલા હતા જેમાં તાજીયા પડમાં આવ્યા બાદ રાત્રિ દરમિયાન તાજીયા માતમમાં રહ્યા હતા બાદમાં રાત્રિના તાજીયા ઠંડા કરવામાં આવ્યા હતા. ઈમામ હુસેનની યાદમાં મુસ્લિમો દ્વારા મોહરમ પર્વ ગમ અને સાદગીથી મનાવવામાં આવે છે.

૧૪૦૦ વર્ષ પહેલા ઈરાકના કરબલા શહેરમાં યજીદ નામના વ્યક્તિની હુકુમત સામે અન્યાય સામે લડનાર હઝરત ઈમામ હુસૈન તેમજ તેમના પરિવાર અને અન્ય મળી ૭૨ લોકો આ કરબલાની લડાઈમાં શહીદ થયા હતા અને આ શહીદોની યાદમાં મુસ્લિમો દ્વારા સમગ્ર દેશ અને અન્ય





મુસ્લિમ દેશોમાં મોહરમ પર્વ મનાવવામાં આવે છે. મુસ્લિમો ગમ અને આંસુઓની સાથે આ તહેવાર મનાવે છે તેવી જ રીતે અમરેલીમાં પણ મુસ્લિમો દ્વારા બે દિવસ મોહરમ પર્વ મનાવવામાં આવેલ હતો. શનિવારે રાત્રિના તાજીયા પડમાં આવ્યા હતા અને રવિવાર આખો દિવસ અને રાત્રી દરમિયાન તાજીયા દરેકના રૂટ મુજબ સૌ સૌના ઠેકાણે માતમમાં રહેલ હતા. મુસ્લિમો દ્વારા આ મહિનો ગમથી મનાવવામાં આવે છે અને પહેલી મોહરમથી ૧૦ મી મોહરમ સુધીની ન્યાજ શરબત સહિતની વસ્તુઓની વહેંચણી કરવામાં આવે છે તેમજ નવ અને દસ તારીખે ઈમામ હુસેનની યાદમાં બે રોજા પણ રાખવામાં આવે છે અને નમાજ પઢવામાં આવે છે જેને આસુરાની ઈબાદત કહેવામાં આવે છે. બે દિવસના તાજીયા રહ્યા બાદ ગઈકાલે રાત્રિના તાજીયા ઠંડા કરવામાં આવ્યા હતા. અમરેલી શહેરમાં નાના મોટા લગભગ ૧૦૦ થી વધુ તાજીયા બનાવવામાં આવ્યા હતા. જિલ્લામાં બગસરા, ધારી, સાવરકુંડલા, બાબરા, વડીયા, રાજુલા સહિતના તાલુકાઓમાં મુસ્લિમ બિરાદરોએ તાજીયા કાઢ્યા હતા.

## રાજુલાના જાપોદર ગામે વાડીએ આવી મહિલાને ગાળો આપી

**હોટલ શરૂ કરવાના મનદુ:ખમાં માથાકૂટ**

રાજુલા, તા.૦૬

રાજુલાના જાપોદર ગામે હોટલ શરૂ કરવાના મનદુ:ખમાં મહિલાને ગાળો આપવામાં આવી હતી. બનાવ અંગે દયાબેન લખમણભાઈ જોળીયા (ઉ.વ.૩૨)એ મહેશભાઈ મનુભાઈ જોળીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પતિએ અમદાવાદ ખાતે હોટલ બનાવી હતી. આરોપી પણ હોટલ ચલાવતા હોય અને આરોપીને લાગ્યું કે તેમણે સસ્તા ભાવે હોટલ ચાલુ કરી હોવાથી અમારી હોટલમાં નુકસાન આવ્યું છે તેમ માની જાપોદર ગામે તેમની ફાર્મે રાખેલ વાડીએ આવી તેમને તથા તેના પતિને ગાળો આપી જમણા ખભાના ભાગે લાકડી વડે મુંઢ ઈજા કરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

## બગસરાની સેન્ટ મેરી સ્કૂલમાં વિદ્યાર્થી પરિષદના નવા પદાધિકારીઓની નિમણૂક : કરાટે ચેમ્પિયન અને SSC ટોપરનું સન્માન કરાયું

બગસરા, તા.૦૬

બગસરાની સેન્ટ મેરી સ્કૂલમાં વિદ્યાર્થી પરિષદના નવા પદાધિકારીઓનો સત્તાવાર પદવીદાન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં હેડ બોય, હેડ ગર્લ અને હાઉસવાઈઝ કેપ્ટન તેમજ વાઈસ કેપ્ટન તરીકે નિમાયેલા વિદ્યાર્થીઓએ તેમની ફરજો જવાબદારીપૂર્વક અને નિષ્ઠાપૂર્વક બજાવવા માટે શપથ લીધા હતા.



તસવીર : હાર્દિક બામટા

આ પ્રસંગે ગુજરાત રાજ્ય અને જિલ્લા સ્તરના પુરસ્કાર વિતરણનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના પૂર્વ વિદ્યાર્થી વાળા દેવકુમાર આશિષભાઈનું SSC બોર્ડ પરીક્ષામાં રેન્ક હોલ્ડર તરીકે ઉત્તીર્ણ થવા બદલ સન્માન કરાયું હતું. આ ઉપરાંત, હાલ શાળામાં અભ્યાસ કરતા બસિયા મલયરાજ ગૌતમભાઈનું ગુજરાત રાજ્ય કક્ષાની કરાટે ચેમ્પિયનશિપમાં દ્વિતીય સ્થાન મેળવવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. આ બંને વિદ્યાર્થીઓએ સેન્ટ મેરી સ્કૂલ, બગસરાને ગુજરાત રાજ્યમાં ગૌરવ અપાવ્યું છે. આ દિવસના મુખ્ય મહેમાન જ્યોત્સનાબેન અરવિંદભાઈ રીબડીયા હતા.

## ફોરવ્હીલની ટક્કરથી માથામાં હેમરેજ થતાં બાબરાના પુરુષનું મૃત્યુ થયું

**ભાવનગર રોડ પર આજવા સ્ટીલ પાસે બનાવ બન્યો**

બાબરા, તા.૦૬

બાબરામાં ફોરવ્હીલની ટક્કરથી માથામાં હેમરેજ થતાં પુરુષનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે અનિલભાઈ રમેશભાઈ ચણીયારા (ઉ.વ.૨૪)એ જાહેર કર્યા મુજબ, તેના પિતા રમેશભાઈ માધાભાઈ ચણીયારા (ઉ.વ.૪૩) સ્પ્લેન્ડર મોટરસાયકલ GJ-02-CH-5978 લઈને પોતાની ભાવનગર રોડ ઉપર આવેલ ભાગવી રાખેલ વાડીએથી બાબરા બાજુ ઘરે આવતા હતા ત્યારે ભાવનગર રોડ ઉપર આજવા સ્ટીલની સામે પહોંચતા પાછળથી એક અજાણી સફેદ કલરની ફોરવ્હીલ ગાડીના ચાલકે ટક્કર મારી હતી. જેમાં તેના પિતાને માથામાં હેમરેજ કરી મોત નિપજાવી ચાલક નાસી ગયો હતો.

**ધારી ગામે સોનાની લેવડદેવડ થઈ હોવાથી મહિલાએ ધારી પોલીસમાં ફરિયાદ નોંધાવી**

## સસ્તા સોનાની લાલચમાં માધવપુર ઘેડની મહિલાએ ૧૦ લાખ ગુમાવ્યા

અમરેલી, તા.૦૬

ઘણીવાર સસ્તુ સોનું લેવાની લાલચમાં ઘણા લોકો છેતરપિંડીનો ભોગ બનતા હોય છે આવો જ કંઈક બનાવ માધવપુર ઘેડ ગામની મહિલા સાથે બનવા પામ્યો છે જેમાં મહિલાને સસ્તા સોનાની લાલચમાં રૂપિયા ૧૦ લાખ ખોવાનો વારો આવ્યો છે. ધારી ગામે સોનાની લેવડદેવડ થઈ હોવાથી મહિલાએ ધારી પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. માધવપુર ઘેડ ગામે રહેતી વનિતાબેન કાનાભાઈ ચૌહાણે ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેમના પતિ કાનાભાઈ માછીમારીનો ધંધો કરતા હોય જેથી તેમના પતિ કાનાભાઈના મિત્ર અક્રમભાઈ જેની સાથે માછીમારીનો ધંધો કરે છે ત્યારે અક્રમભાઈએ મારા પતિ કાનાભાઈને જણાવેલ કે ઓસમાણભાઈની સાથે દરિયામાં માછીમારી કરવા ગયા હતા ત્યારે ઓસમાણભાઈના મોબાઈલમાં કોઈ જાબીરભાઈ ઈકબાલભાઈ બાનવાનો ફોન આવે છે કે બે માણસો સલાયા બંદર પર સાફ-સફાઈ કરતા હતા ત્યારે તેમને સોનાના ટુકડા ભરેલી એક પોટલી મળી છે જે સોનું સસ્તા ભાવે આપી દેવાનું હોવાની કાનાભાઈને વાત કરી હતી. જેથી ફરિયાદી વનિતાબેન, કાનાભાઈ, અક્રમભાઈ ધારી ખાતે આવી જાબીરભાઈ, આસિફભાઈ રફાઈને મળ્યા હતા. ફરિયાદી પાસે નાણાં ન હોવાથી હોડીનો દસ્તાવેજ, મકાનનો દસ્તાવેજ કરી ૧૦ લાખ લઈ ધારી ફોરવ્હીલ મારફત પહોંચ્યા હતા જ્યાં બસ સ્ટેન્ડ સામેથી બે અજાણ્યા માણસો આવી પોટલીમાં સોનાના ટુકડા છે જેમાંથી એક ટુકડો ઉપાડી ફરિયાદીને ચેક કરવા માટે આપ્યો હતો.

જેથી ફરિયાદી વનીતાબેને માધવપુર ઘેડ ગામે સોનીને દેખાડતા સોનીએ આ સોનાનો ટુકડો સાચો હોવાનું જણાવ્યું હતુ જેથી ફરિયાદી થોડા દિવસો પછી ફરી ધારી મુકામે ગયા હતા જ્યાં રૂપિયા ૧૦ લાખ આપી સોનાના ટુકડા ભરેલી પોટલી લઈને આવી ગયા હતા આ સોનાની પોટલી વનીતાબેનો ગામના સોનીને દેખાડતા આ તમામ સોનાના ટુકડા નકલી હોવાનું સોનીએ જણાવ્યું હતું. આ બાબતે ફરિયાદીએ જબીરભાઈ અને આસિફભાઈને ફોન કરતા તેઓ ગલ્લાતલ્લા કરવા લાગ્યા હતા જેથી ફરિયાદી મહિલા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાથી મહિલાએ ધારી પોલીસ સ્ટેશનમાં જાબીરભાઈ, આસિફભાઈ અને બે અજાણ્યા માણસો સામે ફરિયાદ નોંધાવી છે.

## તું મને હુંકારા તુંકારા કેમ કરે છે કહી ગાલ પર ઝાપટ મારી

**તારો મોબાઈલ અહીંથી લઈ લેજે તેમ પણ કહ્યું**

અમરેલી, તા.૦૬

બગસરાના કડાયા ગામે રહેતા પુરુષ સામે વિસાવદરના કાંગશીયાળા ગામના યુવકે ફરિયાદ નોંધાવી હતી. જૂનાગઢના વિસાવદર તાલુકાના કાંગશીયાળા ગામના પરશોતમભાઈ હમીરભાઈ વાળા (ઉ.વ.૪૨) એ બગસરાના કડાયા ગામના મંગળુભાઈ ઉર્ફે મંગાભાઈ ખોડુભાઈ બાડા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તથા તેના મજૂર સુધીરભાઈ ભીખુભાઈ પરમાર રહે.ઘોડાસણ બન્ને જણા તેના મિત્ર કનુભાઈ ખુમાણ રહે.કડાયા વાળાના ઘરે મકાનના દિવાલનું પ્લાસ્ટર કામ કરતા હતા. તે દરમિયાન આરોપીએ ત્યાં આવી તેમને તારો મોબાઈલ અહીંથી લઈ લે તેમ કહ્યું હતું. જેથી તેમણે કહ્યું કે મારુ પ્લાસ્ટરનું કામ ચાલું છે, જેથી તમો સાઈડમાં મૂકી દો તેમ કહેતા સારું નહોતું લાગ્યું. આરોપીએ ઉશ્કેરાઈને કોલર પકડી કહેવા લાગેલ કે તું મને ઓળખ છો આમ, કહી ગાલ પર એક ઝાપટ મારી હતી. ઉપરાંત તું મને હુંકારા તુંકારા કેમ કર છો તેમ કહી ફરીવાર ગાલ પર એક ઝાપટ મારી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બારસ
તા. ૦૭-૦૭-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૫:૨૮,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

## દૈનિક રાશિફળ

તા.૦૭-૦૭-૨૦૨૫ સોમવાર

મેષ: આજે કોઈ અચાનક સારા સમાચાર આવશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે.

વૃષભ: ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે.

મિથુન: આજે ખૂબ સંઘર્ષ કર્યા પછી તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે.

કર્ક: આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો.

સિંહ: આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. સાંજના સમયે કોઈ વિશેષ મહેમાન આવી શકે છે.

કન્યા: આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે.

તુલા: આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છો.

વૃશ્ચિક: તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો.

ધન: આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તા ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.

મકર: આજે તમે કારણ વગર ચિંતામાં અને પરેશાન રહેશો. આજે કેટલીક સમસ્યાઓ વાસ્તવિક છે, તેમાંથી કેટલીક તમે તમારા સ્વભાવથી ઊભી કરી હોઈ શકે છે.

કુંભ: આજે તમને કોઈ નવા સંપર્કથી લાભ મળશે. ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે.

મીન: આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી.

**પ્રશ્નનું નિરાકરણ નહી થાય તો ગાંધી ચીધ્યા માર્ગે આગળ વધવાની ચીમકી આપી**

## લીલીયામાં ગટર તથા કાદવ કીચડના પ્રશ્ને વિપુલ દુધાતની રજૂઆત

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લા પંચાયતના સભ્ય વિપુલભાઈ દુધાતે લીલીયા શહેરમાં ગટરના તથા કાદવ કીચડના પ્રશ્ન બાબતે જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયાને પત્ર લખીને કાર્યવાહી કરવા રજૂઆત કરી છે. આ અંગે પત્રમાં તેમણે જણાવ્યું હતું કે, લીલીયા શહેરમાં સરકાર દ્વારા લોકોની સુખાકારી માટે અંદાજીત ૧૧ કરોડના ખર્ચે ગટરની યોજના કાર્યરત થઈ હતી. પરંતુ ગટરનું કામ ખુબ જ નબળી ગુણવત્તાનું અને લીલીયા શહેરની જમીનની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લીધા વગર થયું હતું. આથી તે સુવિધા થવાને બદલે દુવિધા બની ગયેલ છે અને લીલીયા શહેરમાં ગટરના ગંદા પાણીનો નિકાલ ન થવાના કારણે તેનો શેરીઓમાં ભરાવો થાય છે. આ અંગે અમે આપને તા.૨૫-૦૪ના રોજ પત્રથી



રજૂઆત કરેલ હતી પરંતુ આજદિન સુધીમાં ગટર નવીનીકરણ કરતી એજન્સી તથા અમદાવાદની દિશા એજન્સી વિરૂધ્ધ કોઈ પગલા લેવાયા નથી. હાલમાં વરસાદ તથા ગટરના પાણીને કારણે લીલીયાની મુખ્ય બજાર, નાવલી બજાર, સાંઈનાથ પરા/મફત પ્લોટ/હનુમાન પરા, તળાવ પ્લોટ, કીકાણી પ્લોટ અને અલગ અલગ શેરીઓમાં ખુબ જ કાદવ કીચડ થયેલ હોવાથી લોકો ચાલી શકે તેમ પણ નથી અને જેનાથી ગંભીર રોગચાળો ફેલાવવાની દહેશત છે. આથી લીલીયાના અલગ અલગ વિસ્તારની પરિસ્થિતિનો તાગ મેળવવા આપે રૂબરૂ સ્થળ મુલાકાત લેવી જોઈએ. આ બાબતે ગામના લોકો દ્વારા તા.૦૫-૦૭ના રોજ આવેદનપત્ર પાઠવી રજૂઆત કરેલ છે. વધુમાં વિપુલભાઈ દુધાતે હવે જો આ પ્રશ્નનું નિરાકરણ નહીં થાય તો લોકો સાથે ગાંધી ચીંધ્યા માર્ગે આગળ વધશે તેવી ચીમકી આપી હતી.

## રાજુલામાં નાસ્તાની લારી ચલાવતાં યુવકનું બાઈક ચોરાયું

રાજુલા, તા.૦૬

રાજુલામાં નાસ્તાની લારી ચલાવતાં યુવકનું બાઈક ચોરાયું હતું. ગૌરવભાઈ હરગોવિંદભાઈ સોંડાગર (ઉ.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ, તેઓ તુલસી બાગની બાજુમાં આવેલી ખાઉગલીમાં બાઈક પાર્ક કરીને પોતાની લારીએ ગયા હતા. જ્યાંથી પરત આવ્યા બાદ બાઈક જોવા મળ્યું નહોતું, જેની કિંમત રૂ. ૧૦,૦૦૦ જાહેર થઈ હતી.

## અમરેલીના માળીલા ગામની સીમમાંથી ઝટકા મશીન ચોરાયું

અમરેલી, તા.૦૬

અમરેલીના માળીલા ગામની સીમમાંથી ઝટકા મશીનની ચોરી થઈ હતી. બનાવ અંગે મયુરભાઈ વિનુભાઈ ચોવટીયા (ઉ.વ.૩૬) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની માળીલા ગામની સીમમાં આવેલી વાડીના શેઢા પાસે લીમડાના થડ પાસે સીમેન્ટની ટાંકીમાં રાખેલા ઝટકા મશીનની અજાણ્યો ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે તેની કિંમત રૂ. ૮૦૦૦ જાહેર થઈ હતી.

**સાવરકુંડલા શહેરમાં બનાવ બન્યો**

## તાળું તોડવાની અને ગાળો બોલવાની ના પાડતા મહિલાને લોખંડની કોષનો ઘા માર્યો

સાવરકુંડલા, તા. ૦૬

સાવરકુંડલામાં તાળું તોડવાની અને ગાળો બોલવાની ના પાડતાં મહિલાને લોખંડની કોષનો ઘા માર્યો હતો. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. ટીનાબેન છગનભાઈ (ઉ.વ.૧૯ )એ પ્રજ્ઞાબેન પ્રકાશભાઈ તથા પ્રકાશભાઈ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તથા ત્હોમતદારો શ્રીજી કોમ્પ્લેક્ષમાં રહેતા હતા. તમામનો આવવા જવાનો મેઈન દરવાજો એક જ હતો. રાત્રીના સમયે કોમ્પલેક્ષના મેઈનગેટે તાળું માર્યું હોવાથી તેમણે તથા સાહેદોએ તાળું તોડ્યું હતું. જેથી સારુ નહી લાગતા ડાબા કાન પાછળ તાળું મારી તથા ડાબા હાથે કરડી જઈ ઈજા કરી હતી.

ઉપરાંત ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ પ્રજ્ઞાબેન પ્રતાપગીરી ગોસાઈ (ઉ.વ.૪૧)એ ટીનાબેન છગનભાઈ રાઠોડ, સેજલબેન ઉર્ફે જગુબેન છગનભાઈ રાઠોડ, વિલાશબેન છગનભાઈ રાઠોડ, લાલાભાઈ રાઠોડ, છગનભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તથા ત્હોમતદારો શ્રીજી કોમ્પલેક્ષમાં રહેતા હતા. તમામનો આવવા જવાનો મેઈન દરવાજો એક જ હતો. રાત્રીના સમયે તેમણે તાળું મારતા ત્હોમતદારોને સારુ નહી લાગ્યું. જેથી ત્હોમતદારો તાળું તોડતા હતા અને ગાળો બોલતા હતા. જેથી તેમણે તાળું તોડવાની અને ગાળો બોલવાની ના પાડતા કપાળના ભાગે લોખંડની કોષનો આડો એક ઘા મારી ઈજા કરી હતી. તેમજ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.જે.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

**તંત્રી લેખ**

# રાજ્યની શાળાઓમાં વર્ષમાં ૧૦ શનિવાર બેગલેસ ડે

ભાર વિનાના ભણતરની વાતો દાયકાઓથી કરવામાં આવી રહી છે પરંતુ હવે તેનો અમલ ધીમી ગતિએ કરવામાં આવી રહ્યો છે તે આનંદની વાત છે. રાજયભરની શાળાઓમાં હવેથી વર્ષમાં ૧૦ શનિવાર બેગલેસ ડે ઉજવાશે, વિદ્યાર્થીઓ શિક્ષણ સિવાયની પ્રવૃત્તિ કરશે. "ભાર વિનાનું ભણતર" એટલે શું? એ જાણવું જરૂરી છે ."ભાર વિનાનું ભણતર" એ એજ્યુકેશન સિસ્ટમ છે, જે બાળકની શીખવાની રીતને આનંદદાયક અને રોચક બનાવે છે. આ માટે આ શૈલીમાં પરંપરાગત લર્નિંગના બદલે, પ્રયોગશીલ, જિજ્ઞાસુ અને મનોરંજનાત્મક અભિગમ પસંદ કરવામાં આવે છે. વિષયમાં વૈવિધ્યતા અને રસ એટલે "ભાર વિનાનું ભણતર" એવા વિષયો પર આધારિત છે જે બાળકોના સ્વાભાવિક રસ અને કુશળતા સાથે જોડાયેલા હોય છે. આમાં વિષયને એક પછી એક વધતી જતી જ્ઞાન પ્રત્યક્ષતા અને સમજૂતીનું માર્ગદર્શન આપવામાં આવે છે."ભાર વિનાનું ભણતર" માન્યતા એવી છે કે દરેક બાળકની શીખવાની રીત મુજબ ભણતર છે. વ્યક્તિગત શૈલીઓ, પકડ અને આવડતના આધારે શિક્ષણને વધુ મજેદાર અને રસપ્રદ બનાવવામાં આવે છે. આ પ્રોજેક્ટ આધારિત શિક્ષણ છે. આ રીતે વિદ્યાર્થીઓ વિવિધ પ્રોજેક્ટ્સ પર કામ કરે છે, જે તેમના ક્રિએટિવ અને અદ્યતન વિચારોને પ્રોત્સાહન આપે છે. આ અભિગમ શિક્ષણની ઊંડી સમજને પ્રેરણા આપે છે અને તે પણ મનોરંજન સાથે. ભાર વિનાના ભણતરના લાભો તે મેળવે છે. જ્યારે બાળકો મનોરંજન અને રસપ્રદ રીતે શીખવું શરૂ કરે છે, ત્યારે તેમને વધુ ઉત્સાહ, આનંદ અને આત્મવિશ્વાસ મળે છે. તેમનો મનોરંજન, રમત અને સંલગ્નતાથી શિક્ષણ મઝાનો અને આરામદાયક અનુભવ બનવા લાગે છે. સર્જનાત્મકતા અને વિચારોમાં વિકાસ મહત્વના લાભ હોય છે "ભાર વિનાનું ભણતર" શીખવામાં વધુ સજગતા, રસ અને સર્જનાત્મક વિચારને પ્રોત્સાહન આપે છે. જ્યારે બાળક પર ભાર ઓછો થાય છે, તે વધુ બંધનોને છોડી નવા વિચારો સાથે આગળ વધે છે. આ પદ્ધતિ શિક્ષણને માત્ર પોઈન્ટ અને ગુણ મેળવવા સુધી મર્યાદિત નથી રાખતી. તેના બદલે, તે બાળકોનું ઘડતર અને સમગ્ર વ્યક્તિત્વના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે."ભાર વિનાનું ભણતર" એટલે શિક્ષણ મેળવવાનો એક વૈકલ્પિક માર્ગ છે, જેમાં વિદ્યાર્થીઓએ ફી ચૂકવવાની જરૂર નથી હોતી. આ પ્રકારનું ભણતર મુખ્યત્વે ઓનલાઈન અને દૂરવર્તી શિક્ષણ પર આધારિત હોય છે. અહીંયા ભણતર મફત અથવા ખૂબ જ સ્વલ્પ ખર્ચે મેળવી શકાય છે. વિદ્યાર્થીઓ પોતાની સુવિધા મુજબ સમય પર અભ્યાસ કરી શકે છે. વિશાળ વિષયવસ્તુ અને વૈવિધ્યપૂર્ણ કોર્સમાંથી પસંદગી કરી શકાય છે. આજના સમયમાં, શિક્ષણને માનવ વિકાસ અને સમાજની સમૃદ્ધિનું મુખ્ય સાધન માનવામાં આવે છે. પરંતુ આજે જે પ્રકારનું શિક્ષણ છે, તે ખાસ કરીને આપણાં બાળકો માટે એક ગંભીર ભાર બની ગયું છે. આમાં હમણાંના શિક્ષણ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ પર બેદરકાર રીતે પડતો ભાર, અનાવશ્યક દબાણ અને તેમને ખોટી રીતે આકર્ષિત કરવા માટેનું દમન છે. "ભાર વિનાનું ભણતર" એ એવો શિક્ષણનો દ્દષ્ટિકોણ છે, જેમાં બાળકો પર આટલો ભાર ન પડે અને તેઓ શીખવાની પ્રક્રિયાને આનંદથી અને સ્વાભાવિક રીતે અનુભવી શકે. "ભાર વિનાનું ભણતર" ના લાભ, પડકારો અને તેના અમલ માટેની તર્કસંગત રીતોને સમજવી જરૂરી છે. પ્રમાણભૂત શિક્ષણ પદ્ધતિ અને તેના ખરાબ પરિણામો ભારતીય શિક્ષણ પ્રણાલી પરંપરાગત રીતે વિષયવાર શિક્ષણ, ગુણાવલીઓ અને પરીક્ષાઓ પર આધાર રાખે છે. આ સિસ્ટમમાં, બાળકો પર પરીક્ષાની ચિંતાઓ, ગુણજોગ અનુભવ અને શ્રેષ્ઠ પરિણામ લાવવાનું દબાણ સતત રહે છે. આ કારણે બાળકોમાં અસંતોષ, માનસિક તણાવ અને દબાણ થાય છે. પરીક્ષા માત્ર વિદ્યાર્થીઓનું જ નહીં વાલીઓનું પણ માનસિક ટેન્શન વધારે છે.

# દુબઈ સહિત ગલ્ફના દેશો એક સમયે ભારતનો જ ભાગ હતા!!!




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

બ્રિટિશ ઈન્ડિયાના એક ગુપ્ત દસ્તાવેજના આધારે જાહેર કરવામાં આવ્યું છે કે હાલના દુબઈ સહિતના ગલ્ફ દેશો અખંડ ભારતના રાજ્યો હતા. આજનું દુબઈ કે કુવૈત હેડલાઈન્સમાં આવે છે, ત્યારે આર્થિક વિકાસ, ઊંચી ઈમારતો અને ભારતીય ઈમિગ્રન્ટ્સની ભારે હાજરી વિશે ચર્ચા થાય છે. પરંતુ ભાગ્યે જ કોઈ જાણે છે કે આ એ જ વિસ્તાર છે જે એક સમયે ભારતનો ભાગ હતો. ૨૦મી સદીની શરૂઆતમાં, ગલ્ફના ઘણા ભાગો ભારત હેઠળ હતા અને દિલ્હીથી તેનું સંચાલન થતું હતું. આ ઈતિહાસ હવે લગભગ ભૂંસી નાખવામાં આવ્યો છે, પરંતુ તેની યાદો હજુ પણ જીવંત છે.

૧૯૫૬માં દુબઈ કેવું હતું? તેના પર એક નજર નાખવા જેવી છે. ૧૯૫૬ના શિયાળામાં જ્યારે ધ ટાઈમ્સના સંવાદદાતા ડેવિડ હોલ્ડન બહેરીનની મુલાકાતે ગયા ત્યારે તેમને દરેક જગ્યાએ ભારતીય ઉપખંડની હાજરી જોવા મળી. ધોબી, ચોકીદાર જેવા શબ્દોનો ઉપયોગ, કરી લંચ જેવી એંગ્લો-ઈન્ડિયન પરંપરાઓ. આ સાથે, ઓમાનના સુલતાન જે અસ્ખલિત હિન્દી-ઉર્દૂ બોલતા હતા. આ બધા બ્રિટિશ ભારતના પડછાયા હતા, જેનું શાસન એક સમયે કાબુલથી એડન સુધી સ્વીકારવામાં આવ્યું હતું. (આ માહિતી સેમ ડેલરીમ્પલ દ્વારા તૈયાર કરાયેલા તાજેતરના અહેવાલ અનુસાર છે.

જ્યારે દુબઈ અને ગલ્ફ પર દિલ્હીથી શાસન થતું હતું.

આજે એ જાણીને નવાઈ લાગે છે કે કુવૈત, બહેરીન, ઓમાન, દુબઈ જેવા ઘણા ખાડી વિસ્તારો એક સમયે ભારત હેઠળ ગણવામાં આવતા હતા. બ્રિટિશ ભારતીય સરકારની ભારતીય રાજકીય સેવા તેમના પર વહીવટી નિયંત્રણ રાખતી હતી. આ બધા વિસ્તારોને કાયદેસર રીતે 'ભારત'નો ભાગ ગણવામાં આવતા હતા અને તેમના વહીવટી નિર્ણયો દિલ્હીથી લેવામાં આવતા હતા. બ્રિટિશ ભારતનું આ વિસ્તરણ એટલો ગુપ્ત હતું કે તેના વાસ્તવિક નકશા પણ સામાન્ય લોકોને બતાવવામાં આવ્યા ન હતા. આ ગુપ્ત નકશા, છુપાયેલા દસ્તાવેજો અને બ્રિટનની વ્યૂહરચના (ગલ્ફ કન્ટ્રીઝ) ખાનગી રાખવામાં આવ્યા હતા.

બ્રિટિશ શાસન જાણતું હતું કે જો આ પ્રદેશોને ભારતનો ભાગ જાહેર કરવામાં આવે તો તે ઓટ્ટોમન સામ્રાજ્ય અથવા પછીના સાઉદી અરેબિયા જેવા શક્તિશાળી ઈસ્લામિક શક્તિ કેન્દ્રો સાથે વિવાદો તરફ દોરી શકે છે. તેથી નકશા છુપાવવામાં આવ્યા હતા અને સત્તાવાર દસ્તાવેજોમાંથી અરબનો કોઈપણ ઉલ્લેખ દૂર કરવામાં આવ્યો હતો. જેમ કોઈ પોતાના પ્રિયજનને ગુપ્ત રાખે છે, તેમ બ્રિટિશ વહીવટીતંત્રે ગલ્ફની સ્થિતિને ગુપ્ત રાખી હતી.

આઝાદી પહેલા જ દુબઈ અને ગલ્ફ ભારતથી અલગ થઈ ગયા હતા. જેમ જેમ ભારત સ્વતંત્રતા તરફ આગળ વધ્યું, બ્રિટને તેની વ્યૂહરચના બદલી. ૧૯૩૭માં એડન ભારતથી અલગ થઈ ગયું અને પછી ૧ એપ્રિલ ૧૯૪૭ના રોજ, ભારતની સ્વતંત્રતાના થોડા મહિના પહેલા, દુબઈથી કુવૈત સુધીના તમામ પ્રદેશો ઔપચારિક રીતે ભારતથી અલગ થઈ ગયા. આ એક વહીવટી નિર્ણય હતો જેણે ગલ્ફ અને ભારત વચ્ચેના ઐતિહાસિક સંબંધોનો અંત લાવ્યો.

જો દુબઈ અને ગલ્ફ અલગ ન હોત તો... કલ્પના કરો કે જો બ્રિટને ગલ્ફ ભારત કે પાકિસ્તાનને સોંપી દીધું હોત, તો શું આજના તેલ સમૃદ્ધ આરબ દેશો જયપુર કે હૈદરાબાદની જેમ ભારત કે પાકિસ્તાનનો ભાગ હોત? કદાચ હા. પરંતુ તે સમયના બ્રિટિશ અધિકારીઓએ સ્પષ્ટપણે કહ્યું હતું કે દિલ્હીના વહીવટકર્તાઓને અખાતમાં કોઈ રસ નથી. ભારત-પાકિસ્તાનના ભાગલાની અંધાધૂંધીમાં આ નિર્ણય કોઈના ધ્યાનમાં રહ્યો નહીં. બ્રિટિશ રાજનો છેલ્લો કિલ્લો ગલ્ફ (અખાતી દેશો) હતો.

૧૯૪૭ પછી પણ, ગલ્ફમાં બ્રિટિશ નિયંત્રણ ૨૪ વર્ષ સુધી ચાલુ રહ્યું. ચલણ ભારતીય રૂપિયો હતું, પરિવહન બ્રિટિશ ઈન્ડિયા શિપિંગ લાઈન દ્વારા કરવામાં આવતું હતું અને વહીવટ બ્રિટિશ રહેવાસીઓ દ્વારા સંભાળવામાં આવતો હતો, જેમાંથી મોટાભાગના ભારતીય રાજકીય સેવામાં તાલીમ પામેલા હતા. આ બ્રિટિશ ભારતનો છેલ્લો ખૂણો હતો, જે ૧૯૭૧માં ત્યજી દેવામાં આવ્યો હતો. મહત્વની વસ્તુ એ છે કે ગલ્ફ દેશો ઈતિહાસથી દૂર થઈ રહ્યા છે.

આજે ગલ્ફ દેશો ક્યારેક બ્રિટિશ ઈતિહાસ યાદ કરે છે, પરંતુ ભારત સાથેના તેમના સંબંધો લગભગ ભૂલી ગયા છે. પોલ રિચ જેવા ઈતિહાસકારો માને છે ક આ દેશોએ 'સ્વતંત્ર અને પ્રાચીન સાર્વભૌમત્વ' ની છબી જાળવી રાખવા માટે ઈરાદાપૂર્વક તેમના બ્રિટિશ ભારતીય ભૂતકાળને ભૂંસી નાખ્યો. પરંતુ અંગત યાદો હજુ પણ જીવંત છે, જેમ કે એક વૃદ્ધ કતારના માણસે યાદ કરતા કહ્યું કે કેવી રીતે એક ભારતીય કામદારે તેને નારંગી ચોરવા બદલ માર માર્યો હતો અને હવે તેને ભારતીય નોકર રાખવાનો "સંતોષ" મળ્યો છે.

નવું દુબઈ અને જૂનો સંબંધ હજી હવે પ્રકાશમાં આવ્યો છે. આજનું દુબઈ આધુનિકતા, સમૃદ્ધિ અને વૈશ્વિક વેપારનું પ્રતીક છે. પરંતુ તે ઝગમગાટ પાછળ એક ભૂલી ગયેલો ઈતિહાસ છુપાયેલો છે - એક સમય જ્યારે દુબઈ દિલ્હીથી ચાલતું હતું, જ્યારે ભારતીય પાસપોર્ટનો ઉપયોગ થતો હતો અને જ્યારે ગલ્ફ સુલતાનો ઉર્દૂમાં વાત કરતા હતા. આ વાર્તા ફક્ત ભૂગોળ કે વહીવટ વિશે નથી; તે ઈતિહાસને યાદ રાખવા અને સમજવા વિશે છે. આજે ભારત-અખાતી સંબંધો શ્રમ અને વેપાર સુધી મર્યાદિત છે, પરંતુ એક સમય હતો જ્યારે તેઓ એક જ વહીવટી માળખામાં બંધાયેલા હતા. એ સંબંધ હવે ઝાંખો પડી ગયો છે, પણ ક્યારેય ભૂંસી શકાશે નહીં. ઈતિહાસના ઊંડાણમાં, બ્રિટિશ ભારતના નકશા પર એક સમયે ચમકતો પડછાયો હજુ પણ અસ્તિત્વમાં છે.

**ભારતના ઇતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેરાયું છે. ૨૦ મી સદીના પ્રારંભે દુબઈ અને ગલ્ફના દેશો ભારતના જ એક ભાગ હતા. મતલબ કે દુબઈ અને ગલ્ફ કન્ટ્રી પર ભારતનો અધિકાર હતો. દુબઈ સહિતના આ દેશોનું પાટનગર નવી દિલ્હી હતું. પરંતુ મહત્વની વસ્તુ એ છે કે દુબઈ ભારતથી કેવી રીતે અલગ થયું? કારણો શું હતા?**

# જીવનમાં પસંદગીનું મહત્વ : સારા પુસ્તકો, સાચા મિત્રો અને લાગણીશીલ સગા-સંબંધી હમેશા સાથ આપનાર હોય છે


> છત્રી વરસાદ ને રોકી શકતી નથી પણ
> વરસાદમાં ઉભા રહેવાની હિમ્મત જરૂર આપે છે,,
> એ જ રીતે સંબંધો સુખ ની બાંહેધરી આપતા
> નથી પરંતુ તેઓ હૂંફ જરૂર આપે છે.!!



**મનન ચિંતન**
**ભરત બાવીશી**

જીવનમાં અમુક સંબંધો અને સંસાધનો કુદરતી રીતે મળે છે અને કેટલાક સંબંધો અને સંસાધનોની પસંદગી આપણે જાતે કરવાની હોય છે. અમુક વસ્તુ કે પદાર્થ આપણા માટે અનુકૂળ અને સુગમ હોય છે, જેને આપણે જાળવી રાખીએ છીએ. જ્યારે કેટલાક સાધનો આપણા માટે પ્રતિકૂળ હોય છે, તેને આપણે ત્યજી દેતા હોઈએ છીએ. આવું જ આપણી સાથે જોડાયેલ આસપાસના વ્યક્તિઓમાં પણ બને છે. કેવી વસ્તુ જાળવવી કે કેવી વ્યક્તિ સાથે સંગત કરવી એની પસંદગી આપણા માટે આપણા વર્તમાન અને ભવિષ્યને સુધારનાર કે બગાડનાર સાબિત થાય છે. આપણામાં સારા-નરસાને ઓળખવાનો કે પારખવાનો વિવેક ના વિકસે તો આપણે વારંવાર વણજોઈતી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જ્યારે યોગ્ય વસ્તુ કે વ્યક્તિની પસંદગીનો વિવેક જો આપણામાં હોય તો અચાનક આવતી મુશ્કેલીમાં પણ તેઓ માર્ગદર્શન આપતા હોય છે. માત્ર માર્ગદર્શન જ નહિ પણ તન, મન અને ધનથી ઉપયોગી થઈને આપણને ધન્ય બનાવી દેતા હોય છે. કેવા લોકોની સોબત કરવી કે કેવા લોકો સાથે સંબંધો રાખવા એની ટૂંકી છતાં જડીબુટ્ટી સમાન વાત આ વાક્યમાં વર્ણવેલી છે: "માવજતમાં માપ ન હોય, પ્રેમમાં હિસાબ ન હોય, લાગણીમાં ગણતરીઓ ન હોય, વાત્સલ્યમાં વહેવાર ન હોય, સ્નેહમાં સરખામણી ન હોય અને મિત્રની મિત્રતામાં કોઈ મિલાવટ ન હોય." આવું જેનું વર્તન હોય, વહેવાર હોય એવા પાત્રોને ઓળખીને એની સાથેના સંબંધો આજીવન જાળવી રાખવાથી આપણું દુ:ખ, ચિંતા, આધી વ્યાધિ કે ઉપાધિ હળવા થઈ જાય છે. કેટલીક નાની નાની વાતોમાં થતાં હરખ-ધોખાને અવગણીને, થોડું-ઝાઝું જતું કરીને પણ આવા વ્યક્તિઓ સાથેના સંબંધો જાળવી રાખવાથી લાંબા ગાળે ઘણા ઉપયોગી થતા હોય છે. ખોટા માણસોની ખુશામતખોરી આપણા માટે નુકસાનકારક હોય છે જ્યારે સાચા અને સારા માણસોની શિખામણ કે મીઠો ઠપકો પણ આપણા માટે હિતકારી હોય છે. હમેશા સાચું અને આપણા માટે સારું હોય એવું વર્તન કરનાર સાચા મિત્રો અને સગા-સંબંધીઓ જ આપણા હિતેચ્છુ હોય છે. બાકી તો માત્ર પોતાના સ્વાર્થ માટે આપણી સાથે સંબંધ રાખનાર આપણા છાયડાના જ સાથી હોય છે, તડકામાં તરત આપણાંથી દૂર ભાગી જતાં હોય છે. અમુક લોકો તો પોતાની કુટેવો અને દુષ્ટતામાં આપણને પરાણે સામેલ કરવા માટે મીઠો આગ્રહ કરતા હોય છે. જો આપણે એની આદતો સાથે જોડાઈને રહીએ તો આપણે અંગત રીતે ઘણા દુ:ખી થઈએ અને વધારામાં સમાજમાં નબળી છાપ ઊભી થાય છે. આમ આવા બન્ને પ્રકારના લોકો વચ્ચે આપણે યેન-કેન પ્રકારે સંપર્કમાં રહેવાનું બનતું હોય છે ત્યારે કેવા પ્રકારના લોકો સાથે આપણે ગાઢ સંબંધો રાખવા અને કેવા લોકો સાથે માત્ર કામ પૂરતા સંબંધો રાખવા એ સમજણ હોવી ખૂબ જરૂરી છે. ભગવાને દરેક મન્યુષ્યને બે ગિફ્ટ આપેલી છે, એક છે 'પસંદગી' અને બીજી છે 'તક'. આ બંનેમાં 'પસંદગી' છે જીવનને સારું બનાવવાની અને 'તક' છે જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે. વ્યક્તિ કોણ છે અને શું છે એ બહુ મહત્વનું નથી પણ એ વ્યક્તિમાં શું છે અને વ્યક્તિનો સ્વભાવ કેવો છે એ ખૂબ મહત્વનું છે. આપણી સાથે કાયમી રીતે સંબંધથી જોડાયેલ આવા સારા મિત્રો કે સગા-સંબંધી આકાશમાં ચમકતા તારલાઓ જેવા હોય છે, જે દિવસના ઝળહળતા અજવાળામાં ભલે દેખાતા ન હોય પણ રાત્રીના અંધકારમાં અવશ્ય દેખાય છે. જેમ સારા લોકોની સોબત સુખરૂપ હોય છે તેમ સારા પુસ્તકોની સોબત આપણા એકાંતને આનંદદાયી બનાવે છે અને ભીડમાં માર્ગ કરી આપે છે. સાક્ષર વ્યક્તિની અસલી ઓળખ એ કેવા પુસ્તક વાંચે છે એના આધારે થઈ શકે છે. માત્ર દુ:ખમાં જ નહિ, સુખમાં પણ સારા પુસ્તકો અને સાચા લોકોની સોબત માણસને સંસ્કારી બનાવે છે. મોટા માણસ બનવું એ સારી વાત છે પણ સારા માણસ બનવું એ ખૂબ મોટી વાત છે અને મનુષ્ય જીવનનું લક્ષ જ એ છે કે પોતે સુખી થવું અને અન્યને સુખી કરવા. સર્વે સંતુ નિરામયા.

# ઈતિહાસના પાને મૌર્ય અને ગુપ્ત યુગના ગામડાઓ





**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**

ગયા અંકમાં ગામડાઓનો ઉદય એ વિષય ઉપર હડપ્પા, મોહેંજોદડો, લોથલ વિગેરે સાંસ્કૃતિક વારસાની વાત ઈતિહાસના પાનાઓ ઉપરથી સંકલીત કરીને પ્રસ્તૃત કરી હતી. ક્રમશઃ બીજા ભાગમાં આજે આપણે મૌર્ય યુગ અને ગુપ્ત યુગના ગામડાઓની સમસ્યાઓ અને વિકાસની વાત સંકલિત કરવાના છીએ. હું ઈતિહાસનો જાણકાર છું એવું જરાપણ માનશો નહિ. વાંચીને તેના અંશો રજૂ કરી રહ્યો છું. કારણ કે કુંટુબ પરિવાર, સમાજ જ્ઞાતિ, દેશ પોતાની સંસ્કૃતિ, વારસો અને ઈતિહાસ ભુલે છે. કાળ ક્રમે તેનો નાશ થાય છે. મૌર્ય યુગની સ્થાપના ઈ.સ. પૂર્વે ૩૨૨થી ૧૮૫ માનવામાં આવે છે. ઈતિહાસના પાનાઓ એવું કહે છે કે ચંદ્રગુપ્ત મૌર્યએ ચાણક્યની સહાય, મદદથી મૌર્ય સામ્રાજ્યની સ્થાપના કરી હતી. તેઓ પ્રથમ ભારતીય શાસક હતા જેમણે પોતાના સામ્રાજ્યમાં આખા ઉપખંડને એક શાસક હેઠળ લાવવાનો પ્રયત્ન કર્યો. કહેવાય છે કે, તક્ષશિલા વિશ્વ વિદ્યાલયમાં અભ્યાસ દરમ્યાન ચાણક્ય સાથે તેમનો ભેટો થયો. પોતાના રાજ્યની શાસન વ્યવસ્થામાં રાજ્યપાલ, ગુપ્તચર તંત્ર, કર વસુલી, વેપાર નિયંત્રણો સાથે ધર્મની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરી હતી. નગર વ્યવસ્થામાં પણ તેઓ મોખરે રહ્યા છે. આપણે સાંભળતા આવ્યા છીએ કે રાજતંત્ર ઉપર ધર્મસત્તા હોય છે. ચંદ્રગુપ્ત મૌર્યના શાસનમાં રાજસત્તા ઉપર ધર્મસત્તા હતી અને જૈન ધર્મના ચુસ્ત ઉપાસક હતા. ભારતમાં રાજકીય એકતા અને શાસન વ્યવસ્થાનો પાયો નાખવાનું કામ ચંદ્રગુપ્ત મૌર્ય અને ચાણક્યએ કર્યુ હતું. સાહિત્ય, વિજ્ઞાન, ગણિત, કલા, સ્થાપત્ય અને તર્કશાસ્ત્રનો વિકાસ આ સમય દરમ્યાન થયો હતો. ભારતના પ્રથમ સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય કર્ણાટકના શ્રવણબેલ ગોલા ખાતે ઉપવાસ દરમ્યાન પોતાનો દેહ ત્યાગ કર્યો એમ ઈતિહાસ નોંધે છે.

ત્યાબાદ સમુદ્રગુપ્ત શાસનકાળ ઈ.સ.૩૩૫થી ૩૭૫ માનવામાં આવે છે. ઈતિહાસના મહાન અને વિખ્યાત શાસક હતા. તેઓ ગુપ્ત વંશના સૌથી શક્તિશાળી અને સફળ શાસક તરીકે ઓળખાય છે. દેશના મોટા ભાગના વિસ્તાર ઉપર પોતાનું શાસન સ્થાપિત કર્યું હતું. પ્રયાગ પ્રશસ્તી એટલે અલ્હાબાદના લેખ ઉપરથી જાણી શકાય છે. સમુદ્રગુપ્ત સફળ મહાન રાજવી ઉપરાંત સફળ સેનાપતિ અને કવિ પણ હતા. સ્સમુદ્રગુપ્તના દેહાવસાન બાદ ચંદ્રગુપ્ત દ્વિતીય (વિક્રમાદિત્ય) રાજગાદી ઉપર બેઠા હતા. વિક્રમાદિત્ય દ્વિતીયએ દક્ષિણ ભારતના વિવિધ શાસકો ઉપર ચડાઈ કરીને પોતાની પકડ મજબુત બનાવી હતી. તેમના સમયમાં કલા, સ્થાપત્ય અને સાહિત્યનો વિકાસ થયો હતો.

આપણી પાસે વિકાસ, વિશ્વાસ અને દિશા આપનારો યુગોનો વારસો હતો છતાં પણ આપણી વ્યવસ્થા અને તંત્ર તેના સદાચાર અને સદ્ગુણોનો ઉપયોગ કરવામાં ઉણા ઉતર્યા છે.

**-:: તિખારો ::-**

**એક વાત યાદ રાખો કે પર્વતોમાંથી નીકળેલી નદીઓએ રસ્તામાં ક્યાંય કોઈને પુછ્યું ખરૂં, સમુદ્ર કેટલો દૂર છે. બસ એમ જ સપનાઓ સાકાર કરવા, પડકારો જીલતા રહો. સફળતા જરૂર મળશે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી,
જૂનાગઢ ફોન ૯૨૭૫૭૦૮૩૪૨

# અઠવાડિક ખેતી કાર્યો

મગફળી :

મગફળી પાકમાં મોલો-મશી, લીલી પોપટી તેમજ થ્રીપ્સના જીવાતનું અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ

- ઈમીડાકલોપ્રીડ ૬૦૦ એફએસ ૩ ગ્રામ/ કિલો બીજ અથવા
- થાયોમેથોક્ષામ ૭૦ ડબલ્યુ એસ ૧ ગ્રામ/ કિલો બીજ પ્રમાણે બીજ માવજત
- ડાયમિથોએટ ૩૦ ઈસી ૨ મિ.લિ. પ્રતિ લિટર અથવા
- પ્રોફેનોફોસ ૪૦ ટકા, સાયપરમેથ્રીન ૪ ટકા ૦.૦૪૪ ટકા (પોલીટ્રીન-૧૦ મિ.લિ./૧૦ લિ.) અથવા
- થાયોમિથોક્ષામ ૨૫ ડબલ્યુ જી ૦.૦૦૬ ટકા (૨.૪ મિ.લિ./૧૦ લિ.) અથવા
- ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસ એલ ૦.૦૦૫ ટકા (૨.૮ મિ.લિ./૧૦ લિ.) અથવા
- મિથાઈલ- ઓ- ડિમેટોન ૨૫ ઈસી ૦.૦૨૫ ટકા (૧૦ મિ.લિ./૧૦ લિ.)
- પાણીમાં ભેળવી વાવેતર પછી ૧૫ અને ૩૦ દિવસના અંતરે બે છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે.

મગફળીના છોડ લોહ તત્વની ઉણપને લીધે પીળા પડી જતા હોય તો ૧૦ લિટર પાણીમાં ૧૦૦ ગ્રામ ફેરસ સલ્ફેટ (હીરાકસી) અને ૧૦ ગ્રામ લીંબુના ફૂલનું દ્રાવણ

- મગફળીના થડ અને ડોડવાના સડાનાં અસરકારક નિયંત્રણ માટે ને ૧૨૫ કિ.ગ્રા. દિવેલીના ખોળમાં ભેળવી વાવેતર સમયે ચાસમાં આપવું અને તેટલો જ જથ્થો વાવેતરના એક મહિના પછી થડની પાસે વેરીને આપવો.

લશ્કરી ઈયળ (પ્રોડેનીયા) મિથોમાઈલ ૦.૦૫% (૧૨.૫ ગ્રામ) અથવા કલોરપાયરીફોસ ૦.૦૫% (૨૫ મિ.લિ. ) અથવા ડાયકલોરવોશ ૦.૦૫% (૫ મિ.લિ.) અથવા કવીનાલફોસ ૦.૦૫% (૨૦ મિ.લિ. ) અથવા એન્ડોસલ્ફાન




૦.૦૭% (૨૦ મિ.લિ.), ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો અથવા મિથાઈલ પેરાથીઓન ૨ ટકા ભૂકી હેકટરે ૨૫ કિલો પ્રમાણે છાંટવી. પુખ્ત ઉંમરની ઈયળ દિવસ દરમ્યાન જમીનમાં સંતાઈને રહેતી હોય, તેના નિયંત્રણ માટે ૧૦ કિલો ઘઉં કે ચોખાના ભુસા સાથે લોરપાયરીફોસ ૨૦ ટકા ઈસી ૫૦૦ મિ.લિ. દવા અથવા ૨૫૦ ગ્રામ મિથોમાઈલ અથવા ૫૦૦ ગ્રામ કાર્બારીલ અને ૨ કિલો ગોળની રબડી ભેળવી ઝેરી પ્રલોભીકા બનાવી છોડના થડ પાસે છાંટવી.

કપાસ : ● ગુલાબી ઈયળનાં નિયંત્રણ માટે કપાસ જ્યારે ૨૫-૩૦ દિવસનો થાય ત્યારે પ્રથમ ડોઝ કેમિકલ દવાને બદલે જૈવિક દવા જેવી કે બીવેરીયા બાઝીયાના ૧૦૦ ગ્રામ /પંપ અથવા એકઝામેક્ટીન ૧૫૦૦ પીપીએમ ૬૦ ml /પંપ નાખી છંટકાવ કરવો ● પાક ૨૦-૨૫ દિવસનો થાય ત્યારે એન્ટોમોપેથોઝીનીક નેમેટોડ (EPN) એકર દીઠ ૧ kg નું પંપમાં નાખી ડ્રેન્સિંગ કરવાથી ગુલાબી સિવાય અન્ય ઈયળનો પણ નાશ થાય છે.

- થ્રીપ્સ, સફેદમાખી, તડતડીયાનાં નિયંત્રણ માટે મોજણી અને નિગાહ કરતા આ જીવાતોનું પ્રમાણ વધારે જણાય તો લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) અથવા બ્યુવેરીયાબાસીયાના કે વર્ટીસીલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૬૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. અથવા
- સફેદમાખી અને થ્રીપ્સનો ઉપદ્રવ વધારે જણાય તો એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા ટ્રાઈઝોફોસ ૪૦ ઈસી ૨૫ મિ.લિ. અથવા એસીટામીપ્રીડ ૨૦ એસપી ૩ ગ્રામ અથવા સ્પીનોસાડ ૪૫ એસસી ૩ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.
- તીતીઘોડોનાં નિયંત્રણ માટે સાયપરમેથીન ૧૦ ટકા શેઠા પાળા પર છંટકાવ કરવો અથવા ક્લોરપાઈરીફોસ ૪ લિટર રેતી સાથે મિશ્રણ કરી એક હેક્ટરમાં ઉભા પાકમાં પૂંકી દેવું.

કપાસના પાકમાંથી રસ ચૂસીને નુકસાન કરતી જીવાતો : આ ચુસીયા પ્રકારની જીવાતો પાનની નીચેની સપાટીએ રહીને પાનમાંથી રસ ચૂસીને નભે છે. પરિણામે છોડની વૃધ્ધિ પર અસર થાય છે અને ફૂલ, કળી અને જીંડવા પૂરતા પ્રમાણમાં બેસતા નથી, પરિણામે ઉત્પાદનમાં ઘટાડો થાય છે.

બાજરી:

- બાજરામાં ૮૦-૪૦-૦ ના.ફો.પો. તથા ઝીંક સલ્ફેટ અને ફેરસ સલ્ફેટ ૨૦ કિલો/હે. આપવું.
- બિયારણનો દર ૫ કિ.ગ્રા./હે પ્રમાણે રાખવો. પારવણી કરવી અને ખાલા પુરવા.

અડદ:

- ચણા-મગ તથા અન્ય પાકમાં મૂળખાઈ - સુકારા માટે ટ્રાઈકોર્ડમા વીરીડી અથવા ટ્રાઈકોર્ડમા હરજીયાનમનો ઉપયોગ કરો

ભૂકીછારો : ● કોઈપણ પાકમાં આ રોગમાં પાનની સપાટી પર સફેદ પાવડર છાંટ્યો હોય તેમ અનિયમિત આકારના ધબ્બા જોવા મળે છે. ભૂકીછારા રોગના ચિહ્નો જોવા મળે કે તુરત જ વેટેબલ સલ્ફર ૫૦ ટકા (૩૦ ગ્રામ/૧૦ લિટર પાણી) અથવા ડીનોકેપ ૪૮ ઈ.સી. (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી) અથવા ટાઈડેમોર્ફ ૮૦ ઈ.સી. (૫ મિ.લિ./૧૦ લિટર પાણી) અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ ટકા વેટેબલ પાવડર (૫ મિ.લિ./૧૦ લિટર પાણી) અથવા હેકઝાકોનાઝોલ ૫ ઈ.સી. (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી)નો જરૂર મુજબ છંટકાવ કરવો.

બાગાયત: કેળ:

- ભલામણ જાતો: ગ્રાન્ડ નાઈન, બરસાઈ, શ્રોમંતિ, લોખંડી, રોબસ્ટા વગેરે અને વાવેતર સમય: ૧૫ જૂન થી ૧૫ ઓગસ્ટ
- અંતર: ૧.૮ x ૧.૮ મી. અથવા ૧ x ૧.૨ x ૨.૦ મી.ની જોડીયા હારમાં કેળ સાથે હળદર તેમજ શાકભાજીના આંતરપાક તરીકે લઈ શકાય
- કેળની નેઈન જાત માટે ૩૦૦ ગ્રામ નાઈટ્રોજન, ૪ કિલો વર્મી કમ્પોસ્ટ, એક સરખા ચાર હપ્તે આપવું. ઉપરાંત ૯૦ ગ્રામ ફોસ્ફરસ અને ૨૦૦ ગ્રામ ફેર રોપણીના ત્રીજા મહિને આપવું.
- ફળ પાકો ઉમરમાં નાના હોય ત્યારે ખરીફ તેમજ રવી ઋતુ શાકભાજી જેવા આંતરપાકો લઈ વધારાની આવક મેળવવી.



જામફળ :-

- જામફળનાં ઝાડ દીઠ ૩૭૫-૧૮૮-૧૮૮ ગ્રામ એન.પી.કે. દ્રાવ્ય ખાતર ચાર સરખા હપ્તામાં આપવું.

(આંબા) આંબાની ડાળીઓના રોગ :

કાળી ડાળીનો રોગ / શ્યામ પ્રકાંડ :-



- ફૂગથી થતો આ રોગ શરૂઆતમાં કુમળી ડાળીઓ પર અને ત્યારબાદ પરીપકવ ડાળી પર જોવા મળે છે. શરૂઆતમાં ડાળીની ફરતે સફેદ ફૂગનું આવરણ જોવા મળે છે જે સમય જતાં સંપૂર્ણ કાળો રંગ ધારણ કરે છે. ડાળીઓના જોડાણના ભાગે વધુ સ્પષ્ટ રીતે આ ચિહ્નો જોવા મળે છે. પાનની નીચેની બાજુએ મધ્ય શિરા પર પણ આ રોગ જોવા મળે છે. રોગની વધુ તીવ્રતાથી ઝાડની કુમળી ડાળીઓ સુકાઈ જાય છે. જાડી ડાળીઓ ઉપર આવું કાળું આવરણ આખું વર્ષ જોવા મળે છે. ઘનિષ્ઠ રોપણી પધ્ધતિથી કરવામાં આવેલ આંબાવાડિયામાં સૂર્યપ્રકાશ ઓછો મળતો હોય તેવા ઝાડમાં, લંગડા જેવા ઘટાદાર ઝાડમાં, નિચાણવાળા નદીકાંઠાના વિસ્તારની વાડીઓમાં રોગનું પ્રમાણ વધુ જોવા મળે છે. ચોમાસામાં જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન આ રોગનો ફેલાવો ઝડપથી થાય છે.

નિયંત્રણ :-

- આબાંના થડ અને ડાળીઓ ઉપરનાં કાળા ટપકાંઓ કાથી વડે ઘસી નાખીને બોર્ડો પેસ્ટ (૧ કિ.ગ્રા. મોરથુથુ + ૧ કિ.ગ્રા. કળી ચૂનો + ૧૦ લિટર પાણી ) અથવા બોર્ડો મિશ્રણ ૧% (મોરથુથુ ૧૦૦ ગ્રામ + કળી ચૂનો ૧૦૦ ગ્રામ + ૧૦ લિટર પાણીનો છંટકાવ કરવો.
- કોપર ઓકઝીકલોરાઈડ ૫૦% વે.પા. (૪૦ ગ્રામ / ૧૦ લિટર પાણી ) અથવા કાર્બેન્ડેઝીમ ૫૦% વે.પા. (૩૦ ગ્રામ / ૧૦ લિટર પાણી ) નો છંટકાવ કરવો. આબામાં નવીનીકરણ અપનાવો તેમાં જુના આંબાની ડાળીઓ દુર કરો. ૩ વર્ષમાં કોમર્શિયલ ઉત્પાદન આપતો થશે.

કેળ – પૈપૈયા :-

- કેળ-પૈપૈયાની એકાંતરે હાર રોપણી પદ્ધતિથી વાવેતર કરો.

પપૈયા:

- પપૈયામાં ૬ કિલો છાણીયું ખાતર, ૧૫૦ ગ્રામ નાઈટ્રોજન, ૨૦૦ ગ્રામ ફોસ્ફરસ અને ૨૫૦ ગ્રામ પોટાશ છોડ દિઠ રોપણી બાદ બીજા, ત્રીજા અને ચોથા મહિનો એક સરખા હપ્તામાં આપવું.

પશુપાલન:

- મે માસમાં બાકી રહેલ જાનવરોમાં ગળસુંઢા તથા ગાંઠીયા તાવનું રસીકરણ કરાવી લેવું.
- ખરવા – મોવાસાની દર છ માસે આપવાની થતી રસી અપાવવી.
- જાનવરોને હવા ઉજાસવાળા ઠંડા શેડમાં રાખવા. જેથી ગરમીના સમયે આરામદમયક રોગ માટેની વધારાની રસી મુકાવવી.

પશુપાલનમાં ચાફ કટરની અગત્યતા

- પશુઓના નિભાવ માટે આપણે ત્યાં ખેતીની આડ પેદાશો જેવી કે, બાજરી, જુવાર, ડાંગર મકાઈના પૂળા તેમજ ઘઉંનું ભૂસુ, મગફળી તથા ચણા જેવા કઠોળ પાકોનું ગોતર વગેરેનો ઉપયોગ થાય છે.
- ઉનાળાની ઋતુમાં લીલા ચારાની ઘણી અછત હોય છે. તે ઉપરાંત સુકા ચારાના ભાવ પણ આસામને પહોંચે છે. આવી પરિસ્થિતિમાં પશુઓ દ્વારા થતો ચારાનો બગાડ આપણને પરવડે તેમ નથી. ઉપરોક્ત સમસ્યાઓના ઉકેલ માટે આર્થિક રીતે પરવડે એવી અને વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલી સરળ ભૌતિક પદ્ધત્તિ ચાફ કટર છે.
- ચાફ કટર અપનાવવાથી પશુ ઉત્પાદન, નિભાવ તેમજ ઉછેર સરળ બની શકે છે અને ખર્ચમાં પણ ૨૫ – ૩૦ ટકા જેટલો ઘટાડો થાય છે.

# કલમની વિવિધ પધ્ધતિઓ દ્વારા શાકભાજી પાકોની આધુનિક ખેતી : એક નવો અભિગમ

ડો. જે.એસ. પરસાણા, ડો. ડી.આર. કણઝારિયા, ડો. શિવાની આર. પટેલ અને ડો. બી.વી. હુંમર બાગાયતશાસ્ત્રી વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી,જૂનાગઢ

પ્રસ્તાવના અને ઈતિહાસ: વર્ષોથી આપણે બાગાયતી ફળપાકોના છોડમાં કલમ બનાવીએ છીએ તે સામાન્ય છે. પરંતુ તાજેતરમાં જ શાકભાજીમાં કલમ બનાવવાની રીત આધુનિક ખેતી લોકપ્રિય બની છે. શાકભાજીના રોપાઓમાં કલમ બનાવવી એ પૂર્વ એશિયામાં ઘણાં વર્ષોથી અમલમાં મૂકાયેલ એક અનન્ય બાગાયતી તકનીક છે, જે મર્યાદિત ખેતીલાયક જમીનનો ઉપયોગ કરીને સઘન ખેતી સાથે સંકળાયેલા મુદ્દાઓને દૂર




કરે છે. ૨૦ મી સદીના અંતમાં યુરોપ અને અન્ય દેશોમાં આ તકનીકની રજૂઆત કરવામાં આવી હતી. બાદમાં, યુરોપમાંથી ઉત્તર અમેરિકામાં કલમ બનાવવાની શરૂઆત કરવામાં આવી. આ પધ્ધતિ હવે ગ્રીનહાઉસ ઉત્પાદકો અને ઓર્ગેનિક ઉત્પાદકોને આકર્ષિત કરી રહી છે.

કલમ એ એક વાનસ્પતિક પ્રસર્જનની પધ્ધતિ છે. જેમાં બે જીવંત છોડના ભાગ (રૂટસ્ટોક- મૂલકાંડ અને સાયન- ઉપરોપ) ને એક સાથે જોડીને એક છોડ તરીકે વધવા દેવામાં આવે છે. અહી રૂટસ્ટોક એટલે કે જેના પર કલમ ચઢાવવાની છે અને સાયન એટલે જે છોડનો કલમ તરીકે ઉપયોગ કરવાનો છે. આમ કરવાથી સાયન છોડના સારા ગુણધર્મવાળો અને રૂટસ્ટોકના સારા લક્ષણો વાળો એક છોડ તૈયાર થાય છે. શાકભાજીમાં કલમ બનાવવાનો મુખ્ય ઉદ્દેશ અનેક જૈવિક અને અજૈવિક પરિબળોનો પ્રતિકાર કરી, પાકનો સારો વિકાસ, ઉપજ અને ગુણવત્તા સુધારવાનો છે.

હાલમાં કલમ માટે પ્રચલિત પાકો: કલમ બનાવવા માટે સામાન્ય રીતે કોળા પર કાકડીની કલમ, દુધી પર તરબૂચ, રીંગણ પર કે દેશી ટામેટાની જાતો પર વેલાવાળા ટામેટા અને તરબૂચ પર હાઈબ્રીડ કાકડીની કલમ બનાવવી પ્રચલિત છે. સતત એક જ પાકનું વાવેતર કરવાથી શાકભાજીના પાકોમાં ૫૦ ટકાથી વધારેનો ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે.

કલમ બનાવવાનો ઉદ્દેશ/લાભ :

- શાકભાજીના પાકોને ફૂગ અને બેક્ટેરિયાથી થતા સુકારા સામે રક્ષણ પુરૂ પાડવાનો છે.
- રોગ અને જીવાતથી થતું નુકસાન ઘટાડવું.
- નેમેટોડથી થતું નુકસાન ઘટાડવું.
- વાતાવરણમાં થતા ફેરફારોને સહન કરવાની ક્ષમતા વધારવી.
- પાણી અને ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ કરવો.
- લણણીના સમયમાં ફેરફાર કરીને ગુણવત્તા અને ઉત્પાદનમાં વધારો કરવો.

કલમ બનાવતા પહેલા ધ્યાનમાં લેવા જેવી બાબતો....

- રૂટસ્ટોક- મૂલકાંડ અને સાયન- ઉપરોપ તેમજ બન્ને વચ્ચે સુસંગતતા હોવી જરુરી છે.
- સ્ક્રીનઘરનો ઉપયોગ કલમ બનાવ્યા પહેલા બીજમાંથી છોડનો ઉછેર કરવા માટે થાય છે. જાળીદાર નાયલોનની નેટ તેમજ યુ.વી. (અલ્ટ્રાવાયોલેટ) કિરણો પ્રતિરોધક પ્લાસ્ટીકનો ઉપયોગ કરીને સ્ક્રીનઘર બનાવવામાં આવે છે.
- કલમ બનાવવાની અને વિકાસ પામવાની જગ્યાનો (હિલીંગ /તંદુરસ્ત કલમ ચેમ્બર) ઉપયોગ કલમ બનાવી લીધા પછી તેને ૭-૧૦ દિવસ અહી મૂકી રાખવા માટે થાય છે. તેનાથી વધારે ભેજનું પ્રમાણ અને મહત્તમ તાપમાન જાળવી શકાય છે. સાથે સાથે પ્રકાશની તીવ્રતામાં અને બાષ્પીભવનમાં ઘટાડો કરી શકાય છે.
- કલમ બનાવ્યા પહેલા રૂટસ્ટોક- મૂલકાંડ અને સાયન- ઉપરોપને સૂર્યપ્રકાશમાં રાખવા.
- રૂટસ્ટોક પાસેની માટીને વધારે ભીની ન રાખવી.
- કલમ બનાવતા પહેલા રૂટસ્ટોક અને સાયનની પસંદગી તેનો ઘેરાવો અને કદ જેવા ગુણધર્મોને ધ્યાને રાખીને કરવી જરૂરી છે.
- કલમને ત્રણ દિવસ માટે ૧૦૦% ભેજવાળા વાતાવરણમાં રાખવી અને પછી ધીમે-ધીમે ભેજનું પ્રમાણ ઘટાડવું.
- ભારે વરસાદની સીધી અસરથી છોડને રક્ષણ આપવા માટે ગાદી ક્યારાને સંપૂર્ણ રીતે પ્લાસ્ટીક વડે ઢાંકી દેવામાં આવે છે.
- ફેરરોપણી સમયે કલમ કરેલો ભાગ જમીનથી ઉપરના ભાગે રાખવો.
- ફેરરોપણી કરેલા છોડને ટેકો/આધાર આપવો.

શાકભાજી માટેની વિવિધ કલમ પધ્ધતિઓ:

- ફાટ કલમ
- જીભ/અભીગમ/ અક્ષત નિવેશ કલમ (અપ્રોચ કલમ)
- એક-બીજદળ/સાંધાવાળી કલમ
- ટ્યુબ કલમ
- પીન કલમ
- સુક્ષ્મ કલમ
- મશીન દ્વારા કરાતી કલમ

ઉપરોક્ત પધ્ધતિ પૈકી જીભ/ અભિગમ/ અક્ષતનિવેશ કલમ (એપ્રોચ કલમ) વધારે પ્રચલિત છે. દા.ત. કાકડી, તરબૂચની રીત: કલમ બનાવતા પહેલા સૌપ્રથમ એક કલાક પૂર્વે રૂટસ્ટોક- મૂલકાંડના પર્ણો ધારદાર ચપ્પા (સ્કાલપેલ કે બ્લેડ)થી દુર કરીને કાપને તૈયાર કરવામાં આવે છે. આ કાપ એવી રીતે કરવામાં આવે છે કે જેથી ઉપરના છેડે અંગ્રેજી 'વી' જેવો આકાર દેખાય. એ જ રીતે સાયન- ઉપરોપમાં પણ નીચેના છેડે અંગ્રેજી 'વી' જેવો આકાર રચાય તે રીતે કાપ મૂકો. ઉપરોપને મૂલકાંડ પર એવી રીતે ગોઠવો કે જેથી બંનેની ખુલ્લી પડેલી સપાટી વચ્ચે જરા પણ જગ્યા ન રહે અને જૂથ / યુનિયન એકદમ સીધું રહે અન્યથા ત્યાંથી સડો કે સુકાવાની શક્યતા રહે છે. તૈયાર થતી કલમમાંથી પાણી ઉડી ન જાય તે માટે કલમો પર ઝીણાં/ બારીક ફોરા પડે તેમ પાણીનો છંટકાવ કરો.


# કૃષિ જમીનની ભૌગોલિક માહિતી માટે રિમોટ સેન્સિંગની જરૂરિયાત

ડો. આર.કે.કાલરીયા અને
હિરેન વી. પટેલ
અસ્પી શકીલમ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત

રિમોટ સેન્સિંગ એટલે શું ?

રિમોટ સેન્સિંગ (દુરસંવેદન) એ એક વિસ્તારની ભૌતિક લાક્ષણિકતાઓ જેમ કે કોઈપણ પદાર્થ કે ઘટના સાથે સિધા સંપર્કમાં આવ્યા સિવાય દુરથી કોઈ ઉપકરણની મદદ વડે તે પદાર્થ કે ઘટનાના ગુણધર્મોની માહિતી મેળવવાની પદ્ધતિ ને રિમોટ સેન્સિંગ (દુરસંવેદન) પદ્ધતિ કહેવામાં આવે છે. ખાસ પ્રકારના કેમેરા રિમોટથી સેન્સ્ડ આકૃતિને એકત્રિત કરે છે. વર્તમાન સમયમાં રિમોટ સેન્સિંગ શબ્દ સામાન્ય રીતે પૃથ્વી પરની વસ્તુઓ શોધવા અને તેનું વર્ગીકરણ કરવા માટે માત્ર ઉપગ્રહો અથવા એરક્રાફટ આધારીત સેન્સર ટેકનોલોજીમાં ઉપયોગ થાય છે. પરિણામે માપન કરેલા કિરણોત્સર્ગનું પૃથ્થકરણ કરવાથી જમીનના ગુણધર્મો અને પ્રક્રિયાઓનો અભ્યાસ કરવા મળે છે. જે વિવિધ પ્રકારની જમીનના તફાવતની સમીક્ષા કરે છે. અસરકારક જમીનના ઉપયોગમાં આયોજન માટે વિવિધ માપદંડો માટીના નકશાની જરૂર પડે છે. રિમોટ સેન્સિંગ ઉપગ્રહો નીચે દર્શાવેલ માહિતી મેળવવા માટે ઉપયોગી છે:

- પૃથ્વીના પેટાળમાં રહેલાં ખનિજોનો અંદાજ તેમજ વનાઅચ્છાદનમાં થતી વધઘટનો અંદાજ મેળવી શકાય છે.
- જળસંપત્તિ વ્યવસ્થાપન, કૃષિવિષયક પાકોની ઉપજનો અંદાજ તેમજ ખેતરોના પાકમાં લાગુ પડેલ રોગ અને તેના ફેલાવાનો વિસ્તાર જાણી શકાય છે.
- હવામાન સંબંધિત માહિતી મેળવી તે પરથી અતિવૃષ્ટિ કે અછતની પરિસ્થિતિનો અભ્યાસ કરી અનુમાન મેળવી શકાય છે.
- સમુદ્રની સપાટીનું તાપમાન-વિતરણ જાણવાથી માછલીઓના વસવાટ વિશે તેમજ સામુદ્રિક વનસ્પતિ વિશે માહિતી પ્રાપ્ત થાય છે.
- આ પ્રકારના ઉપગ્રહ વડે પૃથ્વીની સપાટી તથા દરિયાઈ સંપત્તિનું સર્વગ્રાહી નિરીક્ષણ કરી શકાય છે. **(ક્રમશઃ)**




રીમોટ સેન્સીગ પ્રકિયા

# ટ્રાન્સફર અરજીઓ પર નિર્ણય ન આવે ત્યાં સુધી ૨૭ ટકા અનામત નહીં : મધ્યપ્રદેશ સરકારનો સુપ્રીમમાં જવાબ

ભોપાલ,તા.૬

મધ્યપ્રદેશ સરકારે સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટ કર્યું કે ઓબીસી અનામત સંબંધિત ટ્રાન્સફર અરજીઓ પર અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી, રાજ્યમાં અન્ય પછાત વર્ગો માટે ૨૭% અનામત લાગુ કરવામાં આવશે નહીં. સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને માહિતી આપી હતી કે આ કાયદા પર કોઈ સ્ટે ન હોવા છતાં, સંબંધિત અરજીઓ પર નિર્ણય બાકી હોવાથી સરકાર હાલમાં તેનો અમલ કરી શકતી નથી. ન્યાયાધીશ પીએસ નરસિંહા અને ન્યાયાધીશ આર. મહાદેવનની ડિવિઝન બેન્ચે સરકારના આ જવાબને રેકોર્ડ પર લેતા, તેને છત્તીસગઢના સમાન કેસ સાથે જોડીને સુનાવણીની વ્યવસ્થા કરી છે. આ અરજી જબલપુરના રહેવાસી કીર્તિ ચોકસે, બાલાઘાટના નિશ્ચય પુત્ર વર્ષે અને અન્ય લોકો દ્વારા દાખલ કરવામાં



આવી છે. તેમણે જણાવ્યું હતું કે તેઓ ઓબીસી શ્રેણીના છે અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પસંદગી પામ્યા હોવા છતાં, અનામતનો લાભ ન મળવાને કારણે તેઓ નિમણૂકથી વંચિત છે. અરજદારો વતી વરિષ્ઠ વકીલ રામેશ્વર સિંહ ઠાકુરે દલીલ કરી હતી કે સરકારે ૮ માર્ચ ૨૦૧૯ ના રોજ એક વટહુકમ લાવીને ઓબીસીને ૨૭% અનામત આપવાનો નિર્ણય લીધો હતો અને ૧૪ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ તેને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. કોઈ પણ કોર્ટે આ કાયદા પર રોક લગાવી નથી, તેમ છતાં સરકાર તેનો અમલ કરી રહી નથી.

# ભારત અને આર્જેન્ટિના દ્વિપક્ષીય સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જવા માટે સહમત

નવીદિલ્હી,તા.૬

૫૭ વર્ષ પછી ભારત અને આર્જેન્ટિના વચ્ચેની મિત્રતા નવી ઊંચાઈએ પહોંચી રહી છે. ૫૭ વર્ષ પછી કોઈ ભારતીય વડાપ્રધાન આર્જેન્ટિનાની મુલાકાતે ગયા. જ્યારે પીએમ મોદી બ્યુનોસ આયર્સ પહોંચ્યા ત્યારે રાષ્ટ્રપતિ જાવિઅર મિલેઈએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. મિલેઈએ પીએમ મોદીને ગળે લગાવ્યા અને તેમનું રાજ્યકક્ષાએ સ્વાગત કર્યું. આ દરમિયાન ભારત અને આર્જેન્ટિનાએ તેમના દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે મહત્વપૂર્ણ પગલાં લીધાં. આ અંતર્ગત ઘણા નવા ક્ષેત્રોમાં કરારો કરવામાં આવ્યા. આનાથી બંને દેશો વચ્ચેના સંબંધોને એક નવું પરિમાણ મળ્યું. આર્જેન્ટિના ઘણા ક્ષેત્રોમાં ભારતની ચીન પરની નિર્ભરતાનો અંત લાવશે. બંને દેશો વેપારમાં વૈવિધ્ય લાવવા અને સંરક્ષણ, દવા, ઉર્જા, ખાણકામ અને મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રોમાં



સહયોગ વધારવા સંમત થયા છે. આ કરાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જાવિઅર મિલેઈ વચ્ચે વ્યાપક વાટાઘાટો દરમિયાન થયો હતો. મોદી પાંચ દેશોની મુલાકાતના ત્રીજા તબક્કામાં આર્જેન્ટિના પહોંચ્યા હતા. વર્ષ ૨૦૧૮માં, મોદી G-૨૦ સમિટ માટે આર્જેન્ટિના ગયા હતા, પરંતુ ૫૭ વર્ષમાં ભારતીય વડાપ્રધાનની આ પહેલી દ્વિપક્ષીય મુલાકાત છે. મિટિંગ દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતને સમર્થન આપવા બદલ રાષ્ટ્રપતિ મિલેઈનો આભાર માન્યો હતો.

# ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ ચૂંટણી પંચ સામે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો

નવીદિલ્હી,તા.૬

ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ ચૂંટણી પંચ સામે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. મહુઆ મોઈત્રાએ ચૂંટણી પંચના આદેશને પડકાર્યો છે, જે બિહારમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારાની વાત કરે છે. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે સુપ્રીમ કોર્ટ તાત્કાલિક આ આદેશને બંધ કરે અને ઈસીઆઈને દેશના બાકીના રાજ્યોમાં આવો કોઈ આદેશ જારી ન કરવાનો નિર્દેશ આપે. મહુઆ મોઈત્રાનો આરોપ છે કે આ આદેશ મનસ્વી, ગેરબંધારણીય છે અને ગરીબો, મહિલાઓ અને સ્થળાંતરિત મતદારોને મતદાન પ્રક્રિયામાંથી બાકાત રાખે છે. તાજેતરમાં મહુઆ મોઈત્રાએ બર્લિનમાં ભૂતપૂર્વ બીજેડી સાંસદ અને વરિષ્ઠ વકીલ પિનાકી મિશ્રા સાથે લગ્ન કર્યા ત્યારે તે સમાચારમાં હતી. આ ઉપરાંત, કલ્યાણ બેનર્જીએ મહુઆ મોઈત્રા પર વ્યક્તિગત ટિપ્પણી કરીને ઘણી બધી વાતો કહી હતી જે વિવાદાસ્પદ છે ત્યારે પણ તે સમાચારમાં હતી.

# બે દિવસમાં ૨૬,૦૦૦થી વધુ ભક્તોએ બાબા બર્ફાનીના દર્શન કરી ધન્યતા અનુભવી

શ્રીનગર,તા.૬

શ્રી અમરનાથજી યાત્રા ૨૦૨૫ ના ત્રીજા દિવસે, બાબા બર્ફાનીના ભક્તોનો ત્રીજો સમૂહ બાલતાલ અને નુનવાન બેઝ કેમ્પથી પવિત્ર અમરનાથ ગુફા માટે રવાના થયો. સત્તાવાર આંકડા મુજબ, પહેલા બે દિવસમાં ૨૬,૮૬૩ ભક્તો બાબા બર્ફાનીના દર્શન કરવા પહોંચ્યા હતા. ખીણમાં તીવ્ર ગરમી પણ



ભક્તોની શ્રદ્ધા અને ભક્તિને અસર કરી રહી નથી. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, સવારે પાંચ વાગ્યે બંને બેઝ કેમ્પમાંથી ભક્તોનું એક જૂથ બમ બમ ભોલે અને જય શિવ શંકરના નારા લગાવતા પવિત્ર ગુફા માટે રવાના થયું. ત્રીજા દિવસે સાડા સાત હજારથી વધુ યાત્રાળુઓ ગુફા માટે રવાના થયા. પુણેથી આવેલા અને નુનવાન બેઝ કેમ્પથી પોતાની યાત્રા શરૂ કરનારા પંકજે કહ્યું કે તે છેલ્લા નવ વર્ષથી યાત્રા પર આવી રહ્યા છે પરંતુ આ વર્ષે હવામાન પાછલા વર્ષો કરતા વધુ ગરમ છે. બાબા બર્ફાનીના દર્શન પછી પાછા ફરેલા અપંગ ભક્તોએ કહ્યું કે ભોલેનાથ અમારા માટે એકમાત્ર સહારો છે.

# બાબા મહાકાલનો ખજાનો ચાર ગણો વધ્યો, કોરિડોર બન્યા પછી ભક્તોની ભીડ વધી

ઉજ્જૈન,તા.૬

ધાર્મિક નગરી ઉજ્જૈનમાં કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલા મહાકાલ લોકના નિર્માણથી આ સ્થળનું આકર્ષણ બદલાઈ ગયું છે. આ જ કારણ છે કે અહીં મોટી સંખ્યામાં ભક્તો આવે છે. જો આપણે મહાકાલ લોકના નિર્માણ પહેલાની વાત કરીએ, તો દરરોજ લગભગ ૧૫ થી ૨૦ હજાર ભક્તો અહીં પહોંચતા હતા. પરંતુ મહાકાલ લોકના નિર્માણ અને નવીનીકરણને કારણે ભક્તોની સંખ્યામાં મોટો વધારો જોવા મળી રહ્યો છે. હવે દરરોજ લગભગ ૧.૫ થી ૨ લાખ ભક્તો પહોંચી રહ્યા છે. બાબા મહાકાલ પ્રત્યેની ભક્તિ અને ભક્તોની સંખ્યામાં વધારાને કારણે દાનમાં વધારો થયો છે. આ વર્ષે ભક્તોએ ૬૦ કરોડ રૂપિયાથી વધુનું દાન આપ્યું છે. મહાકાલ લોકના નિર્માણ પછી, મહાકાલ મંદિરમાં દર્શન કરવા આવતા ભક્તોની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે. તેથી, દાનની રકમ ૪ ગણી વધી ગઈ છે. બાબા મહાકાલના દર્શન કરવા માટે દરરોજ ૧ થી ૧.૫ લાખ ભક્તો ઉજ્જૈન આવી રહ્યા છે.

# દિલ્હીમાં મકાનમાં સુતેલા ચાર એસી મિકેનિક શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ પામ્યા

નવીદિલ્હી,તા.૬

દિલ્હીના આંબેડકર નગરના દક્ષિણપુરીમાં શનિવારે સવારે એક મોટા અકસ્માતમાં ચાર લોકોના મોત થયા. રૂમમાં સૂતેલા ચાર એસી મિકેનિક શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ પામ્યા. એવી શંકા છે કે ગેસના સંપર્કમાં આવ્યા પછી ગૂંગળામણને કારણે તેમનું મૃત્યુ થયું હતું. ઘટનાસ્થળે પહોંચેલી ક્રાઈમ ટીમ ઉપરાંત, એફએસએલએ પુરાવા એકત્રિત કર્યા છે. પોલીસને તેમના રૂમમાંથી નાઈટ્રોજન, એલપીજી, ઓક્સિજન અને એસીમાં વપરાતા ગેસના સિલિન્ડર મળ્યા છે. ચારેય ઉત્તર પ્રદેશના બરેલીના રહેવાસી હતા. ચારેયના મૃત્યુથી પરિવારમાં શોક છવાઈ ગયો છે. દક્ષિણ જિલ્લાના પોલીસ કમિશનર અંકિત ચૌહાણે જણાવ્યું હતું કે, એસી મિકેનિકની ઓળખ ઈમરાન ઉર્ફે સલમાન (૩૦),




મોહસીન (૨૦), હસીબ (૨૫), બરેલીના સીબી ગંજમાં સાનિયા રાનીના રહેવાસી અને કપિલ ઉર્ફે અંકિત રસ્તોગી (૧૮), ગોટિયા, બરેલીના રહેવાસી તરીકે થઈ છે. ઈમરાન તે બધાને કામ શીખવવા માટે દિલ્હી લાવ્યો હતો. પાડોશીઓ અને સંબંધીઓની હાજરીમાં જ્યારે પોલીસે દક્ષિણપુરીમાં રૂમનો દરવાજો તોડ્યો ત્યારે ચારેય AC મિકેનિકમાંથી ત્રણના મૃતદેહ કડક હતા. રૂમમાં AC પણ ચાલુ હતું. સિલિન્ડરોમાં ઘણા પ્રકારના ગેસ હતા.

# પીએમ મોદી બ્રિક્સ પરિષદમાં હાજરી આપશે, પુતિન વીડિયો કોન્ફરન્સ દ્વારા ભાગ લેશે

નવીદિલ્હી,તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના સૌથી લાંબા વિદેશ પ્રવાસ પર છે. તેઓ આઠ દિવસમાં પાંચ અલગ અલગ દેશોની મુલાકાત લેશે અને બ્રિક્સ પરિષદમાં પણ હાજરી આપશે. બ્રાઝિલમાં યોજાઈ રહેલ બ્રિક્સ પરિષદ ભારત માટે ખૂબ જ ખાસ છે. આ વખતે ભારત પાસે વધુ અસરકારક રીતે પોતાની હાજરી દર્શાવવાની તક




છે. પીએમ મોદી બુધવારે વિદેશ પ્રવાસ માટે રવાના થયા હતા. આ પ્રવાસ દરમિયાન તેઓ બ્રાઝિલ ઉપરાંત નામિબિયાની મુલાકાત લેશે. પીએમ મોદીનો વિદેશ પ્રવાસ ઘાનાથી શરૂ થયો હતો. તેમણે ત્રિનિદાદ અને ટોબેગો અને આર્જેન્ટિનાની પણ મુલાકાત લીધી છે. હવે તેઓ બ્રિક્સ સંમેલનમાં હાજરી આપવા માટે બ્રાઝિલમાં છે. આ પછી તેઓ નામિબિયા પહોંચશે. બ્રિક્સમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. બાદમાં ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ કરીને તેનો વિસ્તાર કરવામાં આવ્યો છે.

# કોડીનારના પાંચપીપળવા ગામે શાળા પ્રવેશોત્સવ યોજાયો

ડોળાસા,તા.૦૬

કોડીનાર તાલુકાના પાંચ પીપળવા ગામની પ્રાથમિક શાળામાં તા.૨૮/૬ ના રોજ કન્યા કેળવણી મહોત્સવ, નાના ભૂલકાઓનો શાળા પ્રવેશ મહોત્સવ ઉજવાયો હતો. પાંચ પીપળવા ગામની પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવની સાથે ધોરણ ૧, બાલવાટિકા અને આંગણવાડી માં પ્રવેશ મેળવનાર ત્રણ થી છ વર્ષના બાળકોને કુમ-કુમ તિલક



કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાણાં વિભાગના સચિવ કમલેશભાઈ પટેલ, લાયઝન ઓફિસર લાલજીભાઈ મકવાણા, પાંચ પીપળવા ગામના સરપંચ જશુભાઈ ડોડીયા, પીઠાભાઈ સોસા, પાંચ પીપળવા પ્રાથમિક શાળા એસએમસી સદસ્યો, શાળાનો સ્ટાફ અને વિશાળ સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કિવ પર હુમલાથી ગુસ્સે ભરાયું યુક્રેન, રશિયન એરબેઝને ઉડાવી દેવાનો દાવો

કિવ, તા.૬

રશિયન હુમલાના જવાબમાં યુક્રેનએ મોસ્કો પર મોટો હુમલો કરવાનો દાવો કર્યો છે. યુક્રેને એક મુખ્ય રશિયન એરબેઝ પર ઘાતક હુમલો કરીને તેને ઉડાવી દેવાનો દાવો કર્યો છે. અગાઉ, શુક્રવારે રાત્રે રશિયાએ સેંકડો ડ્રોનથી યુક્રેન પર હુમલો કર્યો હતો. યુક્રેન આ હુમલાઓથી ગુસ્સે ભરાયું હતું અને તેણે મોસ્કો પર પણ બદલો લેવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. યુક્રેનિયન લશ્કરી જનરલ સ્ટાફે શનિવારે જણાવ્યું હતું કે યુક્રેનિયન સેનાએ રશિયાના વોરોનેઝ ક્ષેત્રમાં સ્થિત બોરીસોગલેબસ્ક એરબેઝ પર આ હુમલો કર્યો છે. જનરલ સ્ટાફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ફેસબુક' પર જણાવ્યું હતું કે સેનાએ એક એરબેઝને નિશાન બનાવ્યું હતું, જ્યાં ત્યાં સ્થિત ડેપોમાં ગ્લાઈડ બોમ્બ, એક તાલીમ વિમાન અને સંભવતઃ અન્ય વિમાનો પણ હતા.

# પીએમ મોદી બ્રાઝિલ પહોંચતા જ ભારતીય સમુદાય દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

બ્રાઝિલ,તા.૬

પીએમ મોદી બ્રાઝિલની ચાર દિવસની મુલાકાતે રિયો ડી જાનેરો પહોંચ્યા છે. અહીં ભારતીય સમુદાય દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએમ મોદી બ્રાઝિલમાં ૧૭મા બ્રિક્સ સમિટમાં પણ ભાગ લેશે. તે જ સમયે, ભારતીય પ્રવાસીઓએ રિયો ડી જાનેરોમાં પીએમ મોદીનું સ્વાગત કરવા માટે પરંપરાગત




નૃત્યો અને લોકગીતો રજૂ કર્યા. આમાં ખાસ વાત એ હતી કે પીએમ મોદીની સામે ઓપરેશન સિંદૂરની થીમ પર આધારિત 'યે દેશ નહીં મિટને દુંગા' ગીત પર નૃત્ય પ્રદર્શન પણ રજૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પીએમ મોદીએ ભારતીયો સાથે વાત પણ કરી હતી.

# કોડીનાર-ઉના ફોર ટ્રેક સિમેન્ટ રોડમાં ઠેર ઠેર તિરાડો : ભ્રષ્ટાચાર છુપાવવા ટાંકા-થીંગડાનો કારસો

કોડીનાર, તા.૦૬

સોમનાથથી ભાવનગર સુધીનો મહત્વાકાંક્ષી ફોર ટ્રેક સિમેન્ટ રોડ, જેનું કામ ૨૦૧૫થી ચાલી રહ્યું છે, તે હજુ સુધી પૂર્ણ થયું નથી ત્યારે તેની ગુણવત્તા પર ગંભીર સવાલો ઉભા થયા છે. ખાસ કરીને, કોડીનારથી ઉના સુધીના ૪૦ કિલોમીટરના સિમેન્ટ રોડમાં ઠેર ઠેર મોટી તિરાડો પડી ગઈ છે, જે રોડના અત્યંત નબળા બાંધકામનો પર્દાફાશ કરે છે. આ ૪૦ કિલોમીટરના પટ્ટામાં એક પણ કિલોમીટરનો રોડ તિરાડો વગરનો નથી. કેટલીક જગ્યાએ તો આ તિરાડો બે-બે ઇંચ જેટલી પહોળી છે. કેન્દ્ર સરકારે આ રોડ પાછળ અબજો રૂપિયાનો ખર્ચ કર્યો હોવા છતાં, ભ્રષ્ટાચારના ભરડાને કારણે આ રોડનું ભાવિ અંધકારમય બન્યું હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.આ 'પાપ'ને ઢાંકવા માટે, જ્યાં તિરાડો



પડી છે ત્યાં 'ટાંકા' લેવામાં આવ્યા છે. કેટલીક જગ્યાએ સિમેન્ટની રગડી નાખીને તિરાડો પૂરવાનો પ્રયાસ થયો છે, તો જ્યાં ભાંડો ફૂટે તેમ હોય તેવા સ્થળોએ ડામરના થીંગડા મારી દેવાયા છે, જેથી તિરાડો ન દેખાય. આવા પ્રકારની તરકીબો નેશનલ હાઈવેના બાંધકામમાં માન્ય છે કે કેમ, તે એક મોટો પ્રશ્ન છે. શું આવું કરવા માટે કોઈના આશીર્વાદ મળી રહ્યા છે, તે અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. આ સમગ્ર પ્રકરણમાં ખોટું શું થયું, અને કોના હાથ કાળા થયા, તે જાણવા માટે ઉચ્ચ કક્ષાની તપાસ થાય તે અત્યંત જરૂરી છે.

# ગીર સોમનાથના પ્રાંસલી ખાતે કલેક્ટરના હસ્તે નવીન ORS અને ઝિંક કોર્નરનું લોકાર્પણ

ગીર સોમનાથ,તા.૦૬

ગીર સોમનાથ જિલ્લાના પ્રાંસલી ખાતે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કલેક્ટર એન. વી. ઉપાધ્યાયના વરદ હસ્તે નવીન ઓઆરએસ (ORS) અને ઝિંક કોર્નરનું લોકાર્પણ કરવામાં આવ્યું. 'સ્ટોપ ડાયેરિયા' ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય ઝાડાને કારણે થતા બાળ મૃત્યુદરને શૂન્ય કરવાનો છે. આ અભિયાનને ગુજરાતના ગીર સોમનાથ



જિલ્લામાં જિલ્લા આરોગ્ય વિભાગના સહયોગથી પ્લાન ઈન્ડિયા દ્વારા અમલિત 'સેલ્ફ-કેર ફોર ન્યૂ મોમ્સ એન્ડ કિડ્સ અંડર ૫' પ્રોજેક્ટ દ્વારા સમર્થન મળ્યું છે. નવી માતાઓ અને બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને શરૂ કરાયેલા આ ORS અને ઝિંક કોર્નરમાં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ની ઝાડા નિયંત્રણ માટેની ૭-પોઈન્ટ યોજના પર મહત્વપૂર્ણ માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં સાબુથી હાથ ધોવા, સ્તનપાનનું મહત્વ, ORS તૈયાર કરવાની રીત, ૧૪-દિવસની ઝીંક સારવાર, રોટાવાયરસ રસીકરણ, સામુદાયિક સ્વચ્છતા અને સ્વચ્છ પીવાના પાણીના મહત્વનો સમાવેશ થાય છે. આ પ્રસંગે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પંચમહાલ જિલ્લામાં એક્યુટ વાઈરલ એન્સેફાલીટીસના કારણે ૩ બાળકોના મોતથી આરોગ્ય વિભાગમાં દોડધામ

પંચમહાલ,તા.૬

રાજ્યમાં ગત વર્ષે ચાંદીપુરમ વાયરસે બધાના જીવ અદ્ધર કરી દીધા હતા. આ વાયરસને કારણે પંચમહાલમાં ૭ બાળકોના મોત નિપજ્યા હતા. ત્યારે વધુમાં અહીંયા હવે એક નવી મુસીબત આવી છે. પંચમહાલમાં એક્યુટ વાઈરલ એન્સેફાલીટીસના કારણે ૩ બાળકોના મોત નિપજ્યા છે. જેના કારણે અહીંયાનું આરોગ્ય વિભાગ એક્શન મોડમાં આવી ગયું છે. ખાસ કરીને શહેરા અને હાલોલ તાલુકાના બાળકોમાં તીવ્ર તાવ આવવાની સમસ્યા



જોવા મળી છે જે અહીંયાના લોકો માટે હવે એક ચિંતાનો વિષય બન્યો છે. ગોધરા, શહેરા અને હાલોલ તાલુકાના બાળકોને તીવ્ર તાવ આવ્યા બાદ તેમની તબિયત લથડી પડી જેથી આ બાળકોને વધુ સારવાર માટે વડોદરા મોકલવામાં આવ્યા છે. જોકે વડોદરામાં સારવાર દરમિયાન બાળકોના સેમ્પલ લઈ ચકાસણી કરવામાં આવી હતી. આ સેમ્પલમાં ચાંદીપુરમ સહિતના રિપોર્ટ નેગેટિવ આવતા આરોગ્ય વિભાગે રાહતનો શ્વાસ લીધો છે. જોકે હાલ ગોધરા તાલુકાનો એક બાળક વડોદરામાં જ સારવાર હેઠળ છે જેનો રિપોર્ટ આવવાનો બાકી છે.

# બનાસકાંઠાના ધારધરા ગામે વીજશોક લાગતા માતા-પિતા અને પુત્રના મોતથી અરેરાટી

પાલનપુર,તા.૬

બનાસકાંઠાના વાવના ધારધરા ગામમાં વીજ કરંટ લાગવાથી ત્રણ લોકોના મોત થયા છે. એક જ પરિવારના ત્રણ સભ્યોના વીજ કરંટ લાગવાથી મોત થયા છે. વીજ કરંટ લાગવાથી માતા-પિતા અને પુત્રના દુઃખદ મોતથી સમગ્ર પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. મૃતક પરિવારના સભ્યોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વાવની સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. આપને જણાવી દઈએ કે આ પહેલા બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના



શિહોરી નજીકના ઉંબરી ગામમાં પણ વીજ કરંટ લાગવાથી ત્રણ લોકોના મોત થયા હતા, જ્યાં ખેતરમાંથી પસાર થતી હાઈ-વોલ્ટેજ વીજલાઈનને કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં એક માતા, તેનો પુત્ર અને પાડોશમાં રહેતી એક બાળકીનું મૃત્યુ થયું હતું. ઘટના બાદ ત્રણેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે શિહોરીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ શિહોરી પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી હતી.

# ૧૧,૦૦૦ લોકો સાથે છેતરપિંડી: સુરત અને રાજકોટમાં કરોડોનું ક્રિપ્ટોકરન્સીનું કૌભાંડ

સુરત,તા.૬

સુરત ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર સેલે એક વિશાળ ક્રિપ્ટોકરન્સી અને મલ્ટી લેવલ માર્કેટિંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. જેમાં અત્યાર સુધીમાં રૂ. ૨૩૫ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન થયાના પુરાવા મળ્યા છે. આ કૌભાંડ સુરત અને રાજકોટ જેવા શહેરોમાં ફેલાયેલું હતું અને તેમાં ૧૧,૦૦૦થી વધુ લોકોને ઊંચા વળતરની લાલચ આપી છેતરપિંડી કરાઈ હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. "ઈનોવેટિવ ટ્રેડિંગ" નામની કંપનીમાં દરોડા પાડવામાં આવ્યા અને આ દરોડા બાદ ચોંકાવનારી હકીકતો સામે આવી છે. ૨૧ જૂન, ૨૦૨૫ના રોજ સુરતના ઉત્તરાણ વિસ્તારમાં આવેલા પ્રગતિ આઈટી પાર્ક ખાતે આવેલી "ઈનોવેટિવ ટ્રેડિંગ" નામની કંપનીમાં ડીસીબી ભાવેશ રોઝીયાની આગેવાનીમાં સાયબર સેલે દરોડો પાડ્યો હતો.

# બિલખાનો આનંદ આશ્રમ વિવાદમાં : વિદ્યાર્થીઓએ આશ્રમમાં ચાલતી ગેરરીતિ મામલે આવેદન પાઠવ્યું

જૂનાગઢ,તા.૬

જૂનાગઢમાં આવેલો બિલખા આનંદ આશ્રમ વિવાદના વમળમાં ફસાયો છે. જેમાં આશ્રમમાં ચાલતી ગેરરીતિ સામે આ આશ્રમમાં અભ્યાસ કરી ચુકેલા પૂર્વ વિદ્યાર્થીઓએ જ આક્ષેપ કર્યો છે જેને પગલે ચકચાર મચી છે. ટ્રસ્ટી મંડળ આશ્રમના નિયમો નેવે મૂકીને ગેરરીતિ કરતા હોવાનો આક્ષેપ થતા વિવાદના વમળ પેદા થઈ ચુક્યા છે. સમગ્ર મામલે વિદ્યાર્થીઓ દ્વારા કલેક્ટરને આવેદન આપીને રજૂઆત કરવામાં આવી હતી. કલેક્ટરે પણ સમગ્ર મામલે તપાસ કરીને જો આક્ષેપો સાચા સાબિત



થાય તો કડકમાં કડક કાર્યવાહી કરવા માટેની બાંહેધરી વિદ્યાર્થીને આપી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ જિલ્લા કલેક્ટરને આવેદન આપી રજૂઆત કરી હતી. આશ્રમમાં જૂની પ્રણાલીના નિયમોનું ઉલ્લંઘન થતું હોવાનો પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. આશ્રમ ટ્રસ્ટી મંડળે પૂર્વ વિદ્યાર્થીઓના આક્ષેપોને નકાર્યા હતા અને તેઓ કોઈ ખોટી વ્યક્તિનો હાથો બનીને આક્ષેપો કરી રહ્યા હોવાની ટ્રસ્ટી મંડળ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. આક્ષેપોથી આશ્રમને બદનામ કરવાનું ટ્રસ્ટીઓએ ષડયંત્ર ગણાવ્યું હતું અને વિદ્યાર્થીઓને પણ સાથે બેસીને વિવાદ ઉકેલવા માટે અપીલ કરવામાં આવી છે.

# રાધનપુર-મહેસાણા હાઈ વે પર અકસ્માત એક જ પરિવારના ત્રણ લોકોના કરૂણ મોત

રાધનપુર,તા.૬

રાધનપુર-મહેસાણા હાઈવે પર રિક્ષા અને આઈસર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં રિક્ષામાં સવાર ત્રણ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. આ અકસ્માત એટલો ભીષણ હતો કે રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. મળતી માહિતી અનુસાર, રાધનપુર-મહેસાણા હાઈવે પર રાધનપુરથી વરણા જઈ રહેલી રિક્ષાની ટક્કર આઈસર ટેમ્પો સાથે થઈ



હતી. આ અકસ્માતમાં માતા-પુત્ર સહિત એક જ પરિવારના ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો છે. મૃતકોમાં ૩૦ વર્ષીય વિરામભાઈ, ૧૨ વર્ષીય આશિષ અને ૫૫ વર્ષીય ગાલાબેનનો સમાવેશ થાય છે.






# અમરેલી સહિત રાજ્યમાં ભારે વરસાદની આગાહી



અમદાવાદ,તા.૦૬

ગઈ ૧૬ જૂનથી રાજ્યમાં થયેલી ચોમાસાની એન્ટ્રી બાદ માત્ર ૧૭ દિવસમાં મેઘરાજાએ આખા રાજ્યને કવર કરી લીધું છે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ ગુજરાતના ઘણા વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલમાં ત્રણ સિસ્ટમ સક્રિય થવાને કારણે રાજ્યભરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી ૪૮ કલાક દરમિયાન અતિ ભારે વરસાદની સંભાવના છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

જ્યારે અમદાવાદ, મોરબી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલી, ખેડા, તાપી, ગાંધીનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, દીવ, જૂનાગઢ, રાજકોટ, જામનગર, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ, અરવલ્લીમાં ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ અને બાકીના જિલ્લાઓમાં મધ્યમ વરસાદને લઈને યલો એલર્ટ આપ્યું હતું. રવિવારે સવારથી દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ખાસ કરીને સુરત, નવસારી અને ભરૂચ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ભરૂચમાં જળબંબાકાર સર્જાયો છે. બજારોમાં નદીઓની જેમ પાણી વહી રહ્યા છે. ત્યારે આવા ધસમસતા પાણીમાં કેટલાક બાળકો જોખમી મસ્તી કરતા જોવા મળ્યા હતા. વાંસદામાં ૫૨ રસ્તા બંધ થયા છે. કોઝવે પર પાણી ફરી વળ્યા છે. જેના કારણે રસ્તાઓ બંધ કરાયા છે. વાંસદામાં અનેક રસ્તાઓ બંધ થઈ જતા વાહનવ્યવહારને અસર પહોંચી હતી. છોટા ઉદેપુરમાં પાણીના પ્રવાહમાં ટ્રેક્ટર તણાયું હતું.













